RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

આપ સૌને રક્ષાબંધનની શુભેચ્છાઓ

Date:- 28-08-2026 I VOL : 12 I Issue : 163 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

રક્ષાબંધનના પાવન પર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની 'દાદા માર્કા' ગિફ્ટ: રાજ્યની...

4

બેન્કિંગ સિસ્ટમનું વરવું ચિત્ર: 22000 કરોડના દેવા સામે માત્ર 6.5 કરોડ...

6

તિબેટના ફ્લેશ ફ્લડ વચ્ચે માનસી પારેખ સુરક્ષિત, હોટલમાંથી અપડેટ...

7

બીજી ટેસ્ટમાં ભારતે 'જીતેલી' બાજી ગુમાવી

### વિશાળ સરોવર તૂટવાનો ખતરો, ચીને 72 કલાકની આપી ચેતવણી

# પૂરની તબાહી બાદ નેપાળમાં વધુ એક આફતના એંધાણ




## નેપાળ બોર્ડરથી 18 કિમી ઉપર વધુ એક તળાવ બન્યું

કાઠમંડુ

નેપાળમાં બુધવારના ભયાનક પૂર પછી ચીને ભોટેકોશી નદીમાં ફરી મોટા પૂરની ચેતવણી આપી છે. ચીનથી મળેલી માહિતી મુજબ, રસવાગઢી બોર્ડરથી લગભગ 18 કિમી ઉપર લ્હેંદે નદીમાં પાણી રોકાવાથી તળાવ બની ગયું છે. પ્રશાસને નીચાણવાળા વિસ્તારોના લોકોને નદી કિનારેથી દૂર સુરક્ષિત જગ્યાએ જવાની સલાહ આપી છે. લગભગ 0.11 ચોરસ કિમીમાં બનેલું આ તળાવ તૂટશે તો ભોટેકોશીમાં ફરીથી તેજ પૂર આવી શકે છે. નેપાળ પોલીસના ગુરુવાર સાંજે 5 વાગ્યા સુધીના અહેવાલ મુજબ, પૂરમાં 359 લોકોના મોત થયા છે. 8 જિલ્લામાંથી મૃતદેહો મળ્યા છે, જેમાં સૌથી વધુ ચિતવનમાં 132 છે. પૂર પછી લગભગ 1,500 લોકો ગુમ છે. આમાં 288 ભારતીયો પણ સામેલ છે. જ્યારે, 21 ભારતીયોને બચાવવામાં આવ્યા છે, જેમાંથી 11ની ઓળખ થઈ ચૂકી છે. ન્યૂયોર્કના મેયર જોહરાન ક્વામે મમદાનીએ નેપાળ-તિબેટ સરહદ પર આવેલા ભયાનક પૂરથી થયેલી જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે કહ્યું કે પૂરમાં સેંકડો લોકોના જીવ ગયા છે અને ગુમ થયેલા લોકોની શોધખોળ ચાલુ છે.

### બિહાર-યુપી એલર્ટ મોડ પર, NDRF તૈનાત

તિબેટ અને નેપાળમાં સર્જાયેલી ભારે જળહોનારત બાદ બિહાર અને પૂર્વી ઉત્તર પ્રદેશમાં પૂરનું સંકટ ઊભું થતાં સમગ્ર વહીવટી તંત્ર હાઈ એલર્ટ પર આવી ગયું છે. સ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને બિહારના સરહદી વિસ્તારોમાં NDRF ની 9 ટીમો તેમજ SSB ના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ પૂર પ્રભાવિત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરી વાલ્મીકિનગર બેરેજની મુલાકાત લીધી હતી. પીએમ અને ગૃહમંત્રી પણ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. ગંડક નદીના જળસ્તરમાં ઘટાડો થતાં હાલ સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાથી તંત્રએ લોકોને ગભરાવાની જરૂર નથી તેવી ખાતરી આપી છે.

### 288 ભારતીયો સંપર્કવિહોણા, 21ને બચાવી લેવાયા: નેપાળ પૂર સંકટ પર ભારતના વિદેશ મંત્રાલયનું નિવેદન

નેપાળમાં અચાનક આવેલા વિનાશક પૂર અને જળપ્રલય બાદ ત્યાં ફસાયેલા ભારતીય નાગરિકો અંગે ભારત સરકારના વિદેશ મંત્રાલયે સત્તાવાર વિગતો જાહેર કરી છે. નવી દિલ્હીમાં પ્રેસ બ્રીફિંગ દરમિયાન વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં કોમ્યુનિકેશન વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ જવાને કારણે હાલ આશરે 288 ભારતીય નાગરિકો સાથે સંપર્ક થઈ શક્યો નથી. ભારત સરકાર નેપાળની સરકાર સાથે સતત સંકલનમાં છે અને ગુરુવારે બપોરે 1 વાગ્યા સુધીમાં તમિલનાડુના 21 નાગરિકોને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી લેવામાં આવ્યા છે.

### બીજા પૂરનું વધતું જોખમ

આ નવી ઝીલમાં આગામી 3 દિવસમાં આશરે 30 લાખ ઘન મીટર વધારાનું પાણી આવવાનો અંદાજ હોવાથી સ્થિતિ ચિંતાજનક બની છે. પાણીના વધતા દબાણને કારણે જો કુદરતી બંધ તૂટે તો ભારે વેગ સાથે પાણી નદીકાંઠાના રહેણાંક વિસ્તારોમાં ઘૂસી શકે છે. આ સંજોગોમાં નદી કિનારે વસતા પરિવારો અને અગાઉથી અસરગ્રસ્ત વિસ્તારો માટે મોટો ખતરો ઊભો થયો હોવાથી આગામી 72 કલાક સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત નાજુક માનવામાં આવી રહ્યા છે.

### એક નજર...

**ડીપનેક ડ્રેસમાં અદિતી બુધાથોકીએ વધાર્યો સોશિયલ મિડિયાનો પારો**



નેપાળી બ્યુટી અદિતિ બુધાથોકી તેની ગ્લેમરસ સ્ટાઈલ માટે ઘણી ફેમસ છે. પોતાની સુંદરતાથી દરેકનું દિલ જીતનાર અદિતિ દરરોજ લાઈમલાઈટનો હિસ્સો રહે છે. આ દરમિયાન, અદિતિની લેટેસ્ટ તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવી છે, જેમાં અદિતિ બુધાથોકીએ ફરી એકવાર તેના ગ્લેમરસ ફોટા અને ખૂબસૂરત લુક દ્વારા ઈન્ટરનેટ પર હલચલ મચાવી છે.

### NEWS TRACK

### રશિયામાં ગેસ પ્લાન્ટમાં ભીષણ આગથી 6 ચીની નાગરિકો સહિત 7 લોકોના મોત, 9 લાપતા

મોસ્કો: રશિયાના અંતરિયાળ પૂર્વી અમૂર વિસ્તારમાં એક ગેસ કેમિકલ કોમ્પ્લેક્ષમાં ભયાનક આગ લાગી. આ દુર્ઘટનામાં છ ચીની નાગરિકો સહિત 7 લોકોનો મોત થયા છે. તો 9 લોકો લાપતા છે. પ્લાન્ટે બુધવારે જાણકારી આપી કે અમૂર ગેસ કેમિકલ કોમ્પ્લેક્ષમાં મંગળવારે આગ લાગી હતી, જેને ઓલવી નાંખવામાં આવી છે. રોઈટર્સના રિપોર્ટ અનુસાર , પ્લાન્ટે જણાવ્યું કે કુલ 7 લોકોના મોત થયા અને 152 લોકો ઘાયલ થયા છે. જેની સારવાર ચાલુ છે.તેમાં 36 લોકોને હોસ્પિટલ લઈ જવામા આવ્યા. રશિયાની ઈન્વેસ્ટિગેટિવ કમિટીએ આ ઘટનાની તપાસ શરુ કરી છે.આ ઘટનાને ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી નિયમોના ઉલ્લંઘન તરીક જોવામાં આવી રહ્યું છે. તપાસ સમિતી આગ લાગવાના કારણોની શોધ કરવાની કોશિશ કરી રહી છે. રશિયાના આ ગેસ પ્લાન્ટના નિર્માણ કાર્યમાં વિદેશી કર્મચારીઓની મદદ લેવામાં આવી હતી, જેમાં ચીનના ઘણાં નાગરિક સામેલ હતા. સામાન્ય રીતે રશિયા હંમેશા મોટા ઈન્ડસ્ટ્રીયલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે વિદેશી કર્મચારીઓને જ કામ પર રાખે છે.

### સરપ્રાઈઝ વિઝિટ: CIAના વડા મૉસ્કો પહોંચ્યા, રશિયન એજન્સીઓ સાથે થઈ બંધબારણે ચર્ચા

ન્યૂયોર્ક: અમેરિકાની સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (CIA)ના વડા જોન રેટક્લિફ એક રહસ્યમય સી-17 વિમાન દ્વારા મોસ્કો પહોંચ્યા હતા, જે વિષય સોશિયલ મીડિયા પર પણ ચર્ચાનો વિષય બન્યો છે. અમેરિકાની જાસૂસી એજન્સી સીઆઈએના વડા જોન રેટક્લિફ મૉસ્કો પહોંચ્યા હતા. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને પણ સીઆઈએ ચીફની રશિયાની મુલાકાત અંગેની જાણકારી હતી. જોકે, મૉસ્કોમાં 'રહસ્યમય વિમાન' ઉતર્યું હોવાના રિપોર્ટના એક દિવસ પછી રશિયાએ એમ પણ કહ્યું હતું કે સીઆઈએ વડા તરીકેની તેમની પહેલી મૉસ્કો યાત્રા દરમિયાન રેટક્લિફ રશિયાની જાસૂસી એજન્સી સાથે સંપર્કમાં હતા પરંતુ તેમણે પુતિન સાથે વાત કરી ન હતી.

મીડિયા અહેવાલ અનુસાર રશિયાના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું હતું કે જાસૂસી એજન્સીઓ મારફતે સંપર્ક થયો હતો પરંતુ તેમની રશિયાની રાષ્ટ્રપતિ સાથે કોઈ પણ બેઠક થઈ નથી. પેસ્કોવે રશિયન ગુપ્તચર એજન્સીઓ સાથે અમેરિકાના જાસૂસી વડાની વાતચીતને 'સકારાત્મક વાતચીત' પણ ગણાવી હતી.

### બંગાળમાં 27 લાખ મતદારોના નામ યાદીમાંથી હટાવ્યા બાદ, 91% મતદારોના નામ ફરી ઉમેરાયા

# PM મોદી અને CEC જ્ઞાનેશ કુમારે ચૂંટણીમાં લૂંટ ચલાવી: કોંગ્રેસ

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં વોટર લિસ્ટના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અભિયાન હેઠળ અંદાજે 27 લાખ મતદારોના નામ યાદીમાંથી હટાવી દેવાયા હતા. ત્યારબાદ પ્રભાવિત નાગરિકોને પોતાના વાંધા અને દાવા રજૂ કરવાની તક અપાઈ હતી. આ પ્રક્રિયા માટે ચૂંટણી પંચે બનાવેલી ટ્રિબ્યુનલો દ્વારા જે કેસોનો અત્યાર સુધીમાં નિકાલ કરવામાં આવ્યો છે, તેમાંથી આશરે 91% દાવાઓ યોગ્ય ઠર્યા છે અને તે તમામના નામ ફરીથી મતદાર યાદીમાં સામેલ કરી લેવાયા છે. આ વિગતો બહાર આવતા જ કોંગ્રેસે પીએમ મોદી અને મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર વચ્ચેની મિલીભગતનો દાવો કરીને 'વોટ ચોરી'નો આકરો આક્ષેપ કર્યો છે. ચૂંટણી પંચે જાહેર કરેલા આંકડા દર્શાવે છે કે ટ્રિબ્યુનલો દ્વારા અત્યાર સુધીમાં 82,782 અપીલોનો ઉકેલ લાવવામાં આવ્યો છે. આ પૈકી 91% એટલે કે 75,443 નામોને ફરીથી વોટર લિસ્ટમાં સામેલ કરી લેવાયા છે, જ્યારે 8.86% જેટલા (7,339) દાવાઓ જ રદ કરવામાં આવ્યા છે. આ મુદ્દે સોશિયલ મીડિયા પર વિરોધ નોંધાવતા કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે ચૂંટણી પૂર્વે SIR યોજીને નાગરિકોના નામ કમી કરવા અને ચૂંટણી પત્યા બાદ તેને ફરી જોડવા એ લોકોનો મતાધિકાર છીનવવાનું વ્યવસ્થિત કાવતરું છે.

### RTI જવાબ અને અપીલોની સંખ્યા પર સવાલો

કોંગ્રેસ સાંસદ ઈશા ખાન ચૌધરીએ RTI જવાબનો હવાલો આપતા જણાવ્યું હતું કે, 'SIR પ્રક્રિયા દરમિયાન 27,28,500 લોકોને અયોગ્ય જાહેર કરાયા હતા, પરંતુ તેની સામે 38,10,620 અપીલો દાખલ થઈ હતી. એટલે કે મૂળ સંખ્યા કરતાં 10,82,120 વધુ અપીલો નોંધાઈ હતી. સાંસદે સવાલ ઉઠાવ્યો કે શું આ વધારાની અપીલો ચૂંટણી પંચ દ્વારા એવા મતદારોને હટાવવા માટે કરવામાં આવી હતી.

## ભારતનું લોકતંત્ર બીજા દેશોથી અલગ: થરુર

નવી દિલ્હી

કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે દેશમાં તાજેતરમાં થયેલા Gen-Z વિરોધ પ્રદર્શનોને લઈને દેશની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે ભારતની રાજકીય વ્યવસ્થા દબાણમાં આવી, પરંતુ તૂટી નહીં. આ જ ભારતની લોકતાંત્રિક વ્યવસ્થાની વિશેષતા છે. થરૂરે આ વાત NDTVના એક કાર્યક્રમમાં દક્ષિણ એશિયાની રાજકીય વ્યવસ્થાઓ અને Gen-Zના વિરોધ પ્રદર્શનો પર ચર્ચા દરમિયાન કહી. તેમણે ભારતની સ્થિતિની તુલના એવા અન્ય દેશો સાથે પણ કરી, જ્યાં તાજેતરના વર્ષોમાં યુવાનોએ મોટા પાયે રસ્તાઓ પર ઉતરીને વિરોધ કર્યો. થરૂરે કહ્યું કે છેલ્લા લગભગ એક દાયકામાં દક્ષિણ એશિયાના છ મુખ્ય દેશોમાં યુવાનોના મોટા પ્રદર્શનો જોવા મળ્યા છે. આમાં મ્યાનમાર, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, નેપાળ અને ભારતનો સમાવેશ થાય છે. આ તમામ પ્રદર્શનો પાછળ અલગ-અલગ મુદ્દાઓ રહ્યા, પરંતુ બધામાં Gen-Zનો ગુસ્સો હતો. આ દેશોની સરકારોએ વિરોધ પ્રદર્શનોનો અલગ-અલગ રીતે સામનો કર્યો. જ્યારે, ભારતની લોકતાંત્રિક વ્યવસ્થાએ સમય પ્રમાણે પોતાને ઢાળી લીધી. અન્ય દેશોમાં થયેલા Gen-Zના પ્રદર્શનો પર થરૂરે કહ્યું- યુવાનોના ગુસ્સાને કારણે બાંગ્લાદેશ અને શ્રીલંકામાં શાસકોને સત્તા છોડવા અને દેશ છોડવા મજબૂર થવું પડ્યું. નેપાળમાં પણ સરકાર પરિવર્તન થયું.

### મોટા માથાઓનો હાથ ઉપર હોય તો જ કોઇ અધિકારી આવી હિંમત કરી શકે

# AMCના લાંચિયા ફાયર ચીફ ઓફિસર પર કોની રહેમનજર, મોટા માથાઓના નામ ખુલશે કે પછી...?

- **લાંચના ચકચારી પ્રકરણમાં CFO ડોંગરે વહીવટદારની મુશ્કેલીઓ વધી**
- **બનાવને પગલે સમગ્ર વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો**
- **ઉપરથી કોઈની મંજૂરી વગર આ પ્રકારે મેગાસિટીમાં ડોંગરે ખેલ ના કરી શકે**

અમદાવાદ

શહેરમાં લાંચ લેતા ઝડપાયેલા મ્યુનિ. કોર્પોરેશનના ફાયર વિભાગના ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગર કોની રહેમનજર હેઠળ ભ્રષ્ટાચારનો અડ્ડો ચલાવી રહ્યો હતો તેની તપાસ કરવામાં મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર કે પોલીસ તંત્રને ઓછો રસ હોય તેમ જણાય છે. ડોંગરેના ઘરે પણ દરોડા પાડીને કોમ્પ્યુટર સહિતનો સામાન જપ્ત કરાયો છે પરંતુ ખરેખર તે કોના ઈશારે આટલો મોટો ખેલ પાડી રહ્યો હતો તેની તપાસ થવી જરૂરી છે. અમદાવાદ શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનના ચીફ ફાયર ઓફિસર તરીકેની જવાબદારી નિભાવનાર ડોંગરે માત્ર સામાન્ય રકમની લાંચ લેતા ઝડપાઈ જાય અને એકલા હાથે લાંચનું નેટવર્ક ફાયર એનઓસી આપવા ચલાવતો હોય તે સામાન્ય નાગરિકોને ઝડપથી ગળે ઉતરતુ નથી. જો તપાસ અધિકારીઓ ઉંડાણપૂર્વક તપાસ કરે તો ડોંગરે પર ભ્રષ્ટાચાર કરવા દેવા કોનો હાથ ઉપર હતો તે પણ સામે આવી શકે તેમ છે.

નોંધનીય છે કે અમદાવાદ મહાનગરપાલિકાના ફાયર વિભાગમાં લાંચ લેવાના ચકચારી પ્રકરણમાં સંડોવાયેલા ચીફ ફાયર ઓફિસર અમિતકુમાર આનંદરાવ ડોંગરે અને તેમના વહીવટદાર ભાવસિંહ ઝાલાની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. સ્પેશિયલ એસીબી અમદાવાદ કોર્ટ દ્વારા આ બંને આરોપીઓની રેગ્યુલર જામીન અરજી પર સુનાવણી હાથ ધરીને તેને સત્તાવાર રીતે નામંજૂર કરવામાં આવી છે.

### લાંચ પ્રકરણ અને એસીબીની કાર્યવાહી

ઓગસ્ટ 2026 દરમિયાન શહેરમાં આવેલી 6 જેટલી અલગ-અલગ બિલ્ડિંગો માટે ફાયર એનઓસી મંજૂર કરવાની હતી. આ મંજૂરી આપવાના બદલામાં ચીફ ફાયર ઓફિસર દ્વારા 36,000 રૂપિયાની લાંચની ગેરકાયદેસર માગણી કરવામાં આવી હતી. આ મામલે અગાઉ એન્ટિ કરપ્શન બ્યુરો (ACB) ની ટિમે સફળ ટ્રેપ ગોઠવીને ચીફ ફાયર ઓફિસર અને તેમના વહીવટદારને રંગેહાથે ઝડપી પાડ્યા હતા, જેના પગલે સમગ્ર વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો.

### વહીવટી પગલાં અને સસ્પેન્શન

લાંચ કેસમાં એસીબી દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા ત્વરિત અને કડકadministrative પગલાં લેવામાં આવ્યા હતા. મ્યુનિસિપલ કમિશનરે ભ્રષ્ટાચાર વિરોધી નીતિ અંતર્ગત અમિત ડોંગરને તેમના હોદ્દા પરથી તુરંત સસ્પેન્ડ કરી દીધા હતા. આ કેસમાં વચેટીયાઓની ભૂમિકા સામે આવતા તેમને પણ કાયદેસરની કાર્યવાહી માટે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

### કોર્ટનો આદેશ અને આગળની કાર્યવાહી

સ્પેશિયલ એસીબી કોર્ટમાં આરોપીઓ તરફથી રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી દાખલ કરવામાં આવી હતી. કોર્ટે ગુનાની ગંભીરતા, ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો અને પ્રાથમિક પુરાવાઓને ધ્યાનમાં રાખીને બંને આરોપીઓની જામીન અરજી ફગાવી દીધી છે. કોર્ટના આ નિર્ણયથી લાંચિયા અધિકારીઓની મુશ્કેલીઓ વધુ વધી ગઈ છે અને તેઓ હાલ જેલ હવાલે જ રહેશે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## સિંગરે ક્રેટાની ટેસ્ટ ડ્રાઇવ લેતા મર્સિડીઝને ટક્કર મારી, સરથાણામાં લક્ઝુરિયસ કારના બોનેટને નુકસાન

સુરત

સુરતના સરથાણામાં બાપાસિતારામ ચોક નજીક સેતુબંધ ચાર રસ્તા પાસે અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે દોડતી કારના ચાલકે દંપતીની મર્સિડીઝ કારને જોરદાર ટક્કર મારી હતી. આ સમગ્ર અકસ્માતની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. તપાસ દરમિયાન અકસ્માત સર્જનાર કારચાલક ગુજરાતનો જાણીતો સિંગર અવધિશ હરિયાણી હોવાનું સામે આવ્યું છે. તે કાર મેળામાંથી ટેસ્ટ ડ્રાઈવ માટે કાર લઈને નીકળ્યો હતો. ટેસ્ટ ડ્રાઈવ દરમિયાન તેણે વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારતાં મર્સિડીઝ સાથે ટક્કર મારી દીધી હતી. જેની સરથાણા પોલીસે અટકાયત કરી છે. સરથાણા સ્થિત સેતુબંધ હિલ્સમાં રહેતા પાયલબેન આકાશભાઈ અંટાળા પોતાના પતિ સાથે મર્સિડીઝ કાર (GJ-06-PL-8889) લઈને સંબંધીના ઘરે બેસવા જઈ રહ્યા હતા. તે દરમિયાન બપોરે 3 વાગ્યાની આસપાસ સેતુબંધ ચાર રસ્તા પાસે ટેસ્ટ ડ્રાઈવ પર નીકળેલી કાર (GJ-07-BL-8173) ના ચાલક અવધિશે તેમની ગાડીના આગળના ભાગે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે કારમાં સવાર પાયલબેનનું મોઢું ડેશબોર્ડ સાથે અથડાતાં તેમને હોઠ અને ડાબા હાથના ભાગે ઈજાઓ પહોંચી હતી.

## કારખાનામાંથી એકસાથે 4 બહેનો લાપતા : ભાઈ બીમાર હોવાનું બહાનું કાઢી ₹1000નો ઉપાડ લઈ નીકળી ગઈ

સુરત

સુરત શહેરના પૂણાગામ વિસ્તારમાં આવેલા કારખાનામાં નોકરી કરતી 3 સગીરા સહિત 4 સંબંધી બહેનો ભેદી સંજોગોમાં એકસાથે ગુમ થઈ જતાં પરિવારમાં ભારે ફફડાટ અને ચિંતાનો માહોલ સર્જાયો છે. કારખાનાના માલિક પાસેથી ભાઈ હોસ્પિટલમાં દાખલ હોવાનું ખોટું બહાનું આગળ ધરીને 1000 રૂપિયાનો ઉપાડ મેળવ્યા બાદ ચારેય યુવતીઓ ઘરે પરત ફરી ન હતી. જોકે, પોલીસ તપાસ દરમિયાન આ ચારેય બહેનો કાપોદ્રા ચોપાટી પાસે પોતાની મરજીથી ફરતી હોવાનું CCTV કેમેરામાં કેદ થતાં સમગ્ર રહસ્યમય મામલામાં મોટો વળાંક આવ્યો છે.

મૂળ અમરેલી જિલ્લાના વતની અને હાલ પૂણાગામ વિસ્તારમાં સ્થાયી થયેલા 42 વર્ષીય રિક્ષાચાલકની પત્ની તથા તેમની 17 અને 15 વર્ષની બે સગીર દીકરીઓ પૂણાગામ તળાવ પાસેના ઔદ્યોગિક એકમમાં ધાગા કટિંગનું કામ કરે છે.

મંગળવારે સાંજે માતા પોતાની નોકરી પૂર્ણ કરીને નિયત સમયે ઘરે પહોંચી ગઈ હતી, પરંતુ બંને દીકરીઓ મોડી સાંજ સુધી પરત ન ફરતાં પરિવારજનોમાં ચિંતા વધી હતી. પરિવારે કારખાનાના માલિકનો સંપર્ક કરતાં ચોંકાવનારી વિગત સામે આવી હતી કે બંને દીકરીઓ ભાઈ બીમાર હોવાનું કહી 1000 રૂપિયા ઉપાડ પેટે મેળવીને ઘણા સમય પહેલાં જ ત્યાંથી રવાના થઈ ચૂકી છે.

## નિવૃત મહિલા પ્રોફેસરને 17 દિવસ ડિજિટલ એરેસ્ટ કર્યા:મની લોન્ડરિંગનો આરોપ મૂકી ડરાવી TRAIના નામે ₹54 લાખ પડાવ્યા

અમદાવાદ

અમદાવાદના બોપલ-ઘુમા વિસ્તારમાં રહેતા 75 વર્ષીય નિવૃત મહિલા પ્રોફેસરને સાયબર ઠગોએ TRAIના અધિકારી બનીને ડિજિટલ એરેસ્ટનો શિકાર બનાવ્યા છે. ગઠિયાઓએ મહિલા પર ગેરકાયદે પ્રવૃત્તિ અને મની લોન્ડરિંગનો આક્ષેપ મૂકી, 17 દિવસ સુધી ડરાવી-ધમકાવીને રૂ.54.60 લાખ પડાવી લીધા હતા. આ મામલે બોપલ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. 3 ઓગસ્ટે સાયબર ગઠિયાઓએ TRAIના નામે પ્રોફેસરને ફોન કર્યો હતો. તેના બે દિવસ બાદ ફોન કરીને તમે મુંબઈની દુકાનમાંથી જે સીમકાર્ડ લીધું તે નંબર પરથી ગેરકાયદે અશ્લીલ ફોટો, વીડિયો મોકલાયા છે, તેમ કહીને વૃદ્ધાને ડરાવ્યા હતા. ગઠિયાઓએ આ નંબર પર 25 પોલીસ ફરિયાદ નોંધાઈ હોવાનું કહીને ફરિયાદનું લિસ્ટ બતાવવા વીડિયો કોલ કર્યો હતો. પ્રોફેસરે આ નંબરનું સીમકાર્ડ તેમણે ન ખરીદ્યું હોવાની અને કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ ન કરી હોવાનું કહેતા ગઠિયાઓએ વીડિયો કોલમાં જ એક આધારકાર્ડ બતાવ્યું હતું, જેમાં તેમના આધારકાર્ડનો જ નંબર હતો. જે બાદ ગઠિયાએ તમે સામેલ ન હોવ તો એનઓસી લેવી પડશે તેમ કહીને ચાલુ વીડિયો કોલમાં અરજી લખાવી હતી.

## મનપાનું વાહકજન્ય રોગો સામે 'ઘર, મચ્છર મુક્ત ઘર' ઝુંબેશ શરૂ : ઔદ્યોગિક સાઇટોને દંડ

ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા (GMC) દ્વારા ચોમાસાની ઋતુમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગોના ઉપદ્રવને અટકાવવા માટે શહેરભરની શાળા-કોલેજોમાં 'મારું ઘર, મચ્છર મુક્ત ઘર' નામક વિશેષ જનજાગૃતિ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આગામી 10 દિવસમાં શહેરની 100 જેટલી શૈક્ષણિક સંસ્થાઓમાં આરોગ્ય વિભાગની વિશેષ ટીમો દ્વારા સઘન અભિયાન ચલાવવામાં આવશે. આ સાથે જ શહેરી અને ઔદ્યોગિક વિસ્તારોમાં બાંધકામ સાઈટો પર કડક તપાસ તેમજ મોટા તળાવો અને કાસ જેવા દુર્ગમ જળસ્ત્રોતોમાં ડ્રોન ટેકનોલોજી મારફતે બાયોલાર્વીસાઈડ દવાનો છંટકાવ શરૂ કરી દેવાયો છે. ડેન્ગ્યુ અને મેલેરિયા ફેલાવતા મચ્છરો મોટેભાગે ચોખ્ખા અને સ્થિર પાણીમાં ઉત્પન્ન થતા હોવાથી વિદ્યાર્થીઓ પોતાના ઘરમાં જાગૃતિ લાવે તે હેતુથી વિશેષ પ્રવૃત્તિ શરૂ કરાઈ છે. પાણીના માટલા નીચેની ટ્રે, પક્ષીના કુંડા, ફ્રિજની પાછળની ટ્રે, કુલર અને અગાસી પર જમા થયેલા પાણીના નિકાલ અંગેનું માહિતી પત્રક વિદ્યાર્થીઓને આપવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓએ આ કામગીરી પોતાના ઘરે પૂર્ણ કરી વાલીની સહી સાથે શાળામાં પરત જમા કરાવવાની રહેશે.

### આરોગ્ય વિભાગમાં ખેલાયો ગંદો ખેલ!

# અન્યાયનો પર્દાફાશ: નિષ્ઠાવાન પરિવારના પુત્ર સામે મોટું રાજકીય અને વહીવટી ષડયંત્ર?

### આરોગ્ય વિભાગની કાર્યવાહી પર સવાલો ઉઠ્યા; કિરણ પરીખને બચાવની તક આપ્યા વગર હટાવ્યાનો આક્ષેપ, બાદમાં રચાયેલી તપાસ કમિટીના અહેવાલ સામે પણ નિષ્પક્ષ તપાસની માગ




અમદાવાદ

ગુજરાતના આરોગ્ય ક્ષેત્ર અને રાજકીય વર્તુળોમાં અત્યારે એક ભારે ચર્ચાસ્પદ અને ગંભીર મુદ્દો સપાટી પર આવ્યો છે. ૩૦ વર્ષથી વધુ સમય સુધી ભાજપ અને જનસંઘને વફાદાર રહી સેવા આપનાર અને ૫૨ વર્ષ સુધી રાજ્યમાં નિઃશુલ્ક ડાયાલિસિસ સેવાનો પાયો નાખનાર પ્રતિષ્ઠિત દલિત પરિવારના પુત્ર કિરણ પરીખ સામે આરોગ્ય વિભાગના જ કેટલાક ઉચ્ચ અધિકારીઓ અને વિરોધી તત્વો દ્વારા મોટું ષડયંત્ર રચવામાં આવ્યું હોવાના સળગતા આક્ષેપો ઊભા થયા છે.

આ સમગ્ર પ્રકરણની ઘટનાક્રમ અનુસાર સમીક્ષા કરીએ તો અનેક શંકાસ્પદ બાબતો સામે આવે છે. તા. ૧૦/૩/૨૫ ના રોજ આરોગ્ય વિભાગના સર્વોચ્ચ વડા દ્વારા કિરણ પરીખને તમામ પ્રકારના આક્ષેપોમાંથી સંપૂર્ણ ક્લીન ચીટ આપી દેવામાં આવી હતી. આમ છતાં, તા. ૨૩/૪/૨૫ ના રોજ આરોગ્ય મંત્રીનો આદેશ છે તેવું બહાનું ધરીને ડો. પ્રાંજલ મોદી દ્વારા કિરણ પરીખને પોતાનો બચાવ પક્ષ મૂકવાની એક પણ તક આપ્યા વિના તાત્કાલિક અસરથી નોકરીમાંથી તગડી મૂકવામાં આવ્યા.

આશ્ચર્યની વાત તો એ છે કે નોકરીમાંથી કાઢી મૂક્યાના બે દિવસ બાદ, એટલે કે તા. ૨૫/૪/૨૫ ના રોજ તપાસ કમિટીનું ગઠન કરવામાં આવ્યું! અધિક નિયામક (તબીબી શિક્ષણ) શ્રી રાઘવેન્દ્ર દીક્ષિતના અધ્યક્ષપણા હેઠળ બનેલી આ કમિટીમાં GMSCLના જનરલ મેનેજર ડો. સમિધ શાહ અને વહીવટી અધિકારી શ્રી ચરપોટ સભ્ય તરીકે સામેલ હતા. આ કમિટીએ તા. ૦૩/૦૯/૨૫ ના રોજ આરોગ્ય વિભાગના કોઈ પણ વ્યક્તિનું નિવેદન લીધા વગર, કોઈ અદ્રશ્ય શક્તિઓના પ્રભાવ હેઠળ આવીને એકતરફી અને પૂર્વગ્રહદૂષિત પ્રાથમિક અહેવાલ સોંપી દીધો હોવાનો ગંભીર આરોપ છે.

ઉલ્લેખનીય છે કે કિરણ પરીખની ત્રણ પેઢીએ ગુજરાત સરકારમાં અને રાજકીય ક્ષેત્રે પાયાની સેવાઓ આપી છે. તેમના પિતા શ્રી હરગોવિંદભાઈ પરમારે ૫૨ વર્ષથી વધુ સમય સુધી ડાયાલિસિસ ક્ષેત્રે અવિરત સેવાઓ આપી છે. આજે સમગ્ર ગુજરાતમાં ઘરઆંગણે જે મફત અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ડાયાલિસિસ સેવાઓ મળી રહી છે તે પરમાર સાહેબની અથાક મહેનતનું પરિણામ છે. પદ્મશ્રી ડો. એચ. એલ. ત્રિવેદી સાહેબે પણ તેમને સન્માનપત્ર આપીને સ્પષ્ટ નોંધ્યું હતું કે 'જેમના જેવા સમર્પિત વ્યક્તિ ના હોત તો આ સેવા ઉપલબ્ધ કરાવવી અશક્ય હતી.' તેમણે ભૂતપૂર્વ આરોગ્ય મંત્રીઓ શ્રી જયનારાયણ વ્યાસ, શ્રી નીતિન પટેલ અને શ્રી ઋષિકેશ પટેલના વડપણ હેઠળ નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે.

તેમના દાદા જનસંઘના સમયથી પાયાના કાર્યકર રહ્યા હતા અને ૧૯૬૭ થી ૧૯૭૨ દરમિયાન કડી વિધાનસભાના ધારાસભ્ય પણ રહી ચૂક્યા હતા. ત્યારબાદ સંઘ દ્વારા તેમની રાજ્યસભા માટે પસંદગી કરાઈ હતી અને ભાજપ તરફથી જોટાણા બેઠક પર ધારાસભ્યની ટિકિટ પણ આપવામાં આવી હતી. તેમણે જાહેર જીવનમાં ૩૦ વર્ષથી વધુ સમય નિષ્કલંક સેવા આપી છે. દાદાના સંસ્કારોથી પ્રેરિત થઈને કિરણ પરીખે પોતાના વતન કડી અને કર્મભૂમિ અમદાવાદ ખાતે ભાજપના સમર્થનમાં ચૂંટણીઓમાં સક્રિય ભૂમિકા ભજવી છે.

આમ છતાં, એક દલિત અધિકારીની સફળતા અને વધતું વર્ચસ્વ કેટેગરીના કેટલાક ઉચ્ચ વર્ણના વેપારીઓ અને અધિકારીઓની આંખમાં કણાની જેમ ખૂંચી રહ્યું છે. કોંગ્રેસ ગોત્ર ધરાવતા અને વહીવટી તંત્રમાં ઘૂસી ગયેલા તત્વો મીડિયા ટ્રાયલ ચલાવીને કિરણ પરીખને બદનામ કરવાનું કાવતરૂં કરી રહ્યા છે.

સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થાય છે કે વિધાનસભામાં આરોગ્ય મંત્રી દ્વારા ૯૦૦ ડાયાલિસિસ મશીનોના કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર અંગે જે વિવાદ થયો હતો, તેમાં ૪ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. પરંતુ કિરણ પરીખના સસ્પેન્શન લેટરમાં 'ગેરવર્તન' કર્યું હોવાનું દર્શાવવામાં આવ્યું છે! આ બેવડા વલણ પાછળ ખરેખર સાચું કોણ? શું મોટા નેતાઓ અને કૌભાંડી અધિકારીઓને બચાવવા માટે કિરણ પરીખને બલિનો બકરો બનાવવામાં આવ્યા છે?

આ સમગ્ર મામલે દાળમાં કંઈક કાળું નહીં પણ આખી દાળ જ કાળી હોય તેમ જણાય છે. આ ગંદી રાજરમત અને કરોડોના ભ્રષ્ટાચાર પાછળ છુપાયેલા આકાઓને ખુલ્લા પાડવા માટે વડાપ્રધાન કાર્યાલય (PMO) દ્વારા તટસ્થ તપાસ કરાવવી અત્યંત જરૂરી બની ગઈ છે. રાજ્ય સરકારે પણ તુરંત પગલાં ભરીને નિર્દોષને ન્યાય આપવો જોઈએ અને ષડયંત્રકારી અધિકારીઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવી જોઈએ.

— પાક્કો ગુજરાત ન્યૂઝ

### 'માછલી ખાવાની ના પાડે, નામ નરેન્દ્ર મોદી ફિશ માર્કેટ રાખે'

## સુરતમાં ફિશ માર્કેટના નામ વિવાદમાં ઓવૈસીની એન્ટ્રી

સુરત

'આ લોકો માછલી ખાવાની ના પાડે છે અને કરોડો રૂપિયાના ખર્ચે ફિશ માર્કેટ તૈયાર થાય તો તેનું નામ નરેન્દ્ર મોદી ફિશ માર્કેટ રાખવામાં આવે છે, તેઓ ગલ (માછલી પકડવાનો આંકડો) નાખીને અમને પકડવા આવ્યા હતા અને પોતે જ પકડાઈ ગયા.' આ શબ્દો છે AIMIMના વડા અને હૈદરાબાદથી લોકસભા સાંસદ અસદુદ્દીન ઓવૈસીના.

સુરતના નાનપુરા-લક્કડકોટમાં 3.90 કરોડના ખર્ચે મનપાએ તૈયાર કરેલી ફિશ માર્કેટને કોઈ પણ ઠરાવ વિના 24 ઓગસ્ટે 'શ્રી નરેન્દ્ર મોદી હોલસેલ ફિશ માર્કેટ' નામ આપવામાં આવ્યું હતું. જો કે બાદમાં વિવાદ વધતા 25 ઓગસ્ટે આ નામને મનપાના કર્મચારીઓની હાજરીમાં સફેદ કવરથી ઢાંકી દેવાયું હતું. ત્યારે હવે અસદુદ્દીન ઓવૈસીએ હૈદરાબાદની સભાથી




રાજ્ય અને કેન્દ્ર સરકાર પર આ મુદ્દે કટાક્ષ કર્યો હતો.

ઓવૈસીએ કહ્યું કે, 'કુદરતનો ખેલ તો જુઓ, સુરતમાં 3 કરોડ મોદી સરકારે આપ્યા અને 3 કરોડ ગુજરાત સરકારે આપ્યા. આમ 6 કરોડના ખર્ચે પ્રધાનમંત્રી મત્સ્ય યોજના હેઠળ મચ્છી માર્કેટ બની ગઈ. આ હસવાની વાત નથી, સાચું છે કે માર્કેટવાળાઓએ તેનું નામ 'નરેન્દ્ર મોદી મચ્છી માર્કેટ' રાખી દીધું! વધુમાં આક્ષેપ કર્યો કે એક તરફ લોકોને ખાનપાન મુદ્દે રોકવામાં આવે છે અને બીજી તરફ પીએમ મોદીના નામે જ ફિશ માર્કેટનું નામકરણ કરવામાં આવી રહ્યું છે.'

આ ફિશ માર્કેટનો ઈતિહાસ પણ વિવાદમાં છે. મનપાના સત્તાવાર બજેટ દસ્તાવેજોમાં આ પ્રોજેક્ટનો ઉલ્લેખ 'Construction of fish market at Lakkadkot near Nanpura in Central Zone' તરીકે કરાયો હતો. વર્ષ 2018માં કામગીરી શરૂ થયા બાદ નેશનલ મોન્યુમેન્ટ ઓથોરિટીના વાંધાને કારણે 2020માં બાંધકામ અટકી પડ્યું હતું. ત્યારબાદ રિવાઈઝ્ડ NOC મેળવી કોલ્ડ સ્ટોરેજ સહિતની સુવિધાઓ સાથે માર્કેટ તૈયાર થયું હતું.

ઓવૈસીએ લોકોની ખાણીપીણીની પસંદગી અંગે કહ્યું હતું કે, 'અરે હું માછલી ખાઉં છું, માંસ ખાઉં છું, કોઈ ડુક્કર ખાય છે તો કોઈ નથી ખાતું, તમને શું તકલીફ થાય છે ભાઈ? તમે ના ખાઓ પણ હું કેમ ના ખાઉં.'

## કલેક્ટર કચેરીમાં આધાર કાર્ડ સેવા શરૂ થશે: રાજકોટમાં વહિવટી તંત્રની ઓફિસમાં જનસેવા કેન્દ્રમાં નવી સુવિધાથી લોકોને ફાયદો થશે

રાજકોટ

રાજકોટ કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્રમાં હવે આધાર કાર્ડની સેવા શરૂ કરવા માટે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. સંભવતઃ શનિવારે અથવા તો આગામી સપ્તાહમાં આધાર કાર્ડની સેવા વિધીવત રીતે શરૂ કરી દેવામાં આવશે. જનસેવા કેન્દ્રમાં આધારકાર્ડની આ સેવાનું ઉદઘાટન કલેક્ટર ડો.ઓમ પ્રકાશના હસ્તે કરવામાં આવશે. અહીં એ ઉલ્લેખનીય છે કે આ જનસેવા કેન્દ્રમાં નાગરિકોને હાલ આવકના દાખલા, રેશનકાર્ડ, 7/12, 8/અના દાખલા EWSના પ્રમાણપત્ર સહિતની સેવાઓ મળી રહી છે.

આધાર કાર્ડની સેવાના અભાવે અરજદારોને જન સેવા કેન્દ્રના ધરમધકકા થતા હતા પરંતુ, જીલ્લા કલેકટરે જનસેવા કેન્દ્રમાં આ સેવા નાગરિકોને




ઉપલબ્ધ થાય તે માટે પુરતા પ્રયાસો કરેલ હતા જન સેવા કેન્દ્રમાં આધારકાર્ડની આ સેવા શરૂ થતા જ નાગરીકોની સુવિધામાં વધારો થશે.

### ડિજિટલ રોડના નામે કરોડોનો ધુમાડો

## અમદાવાદ-વડોદરા-વાપી-મુંબઈ હાઈવે ઉપર ખાડાનું સામ્રાજ્ય!!

ગાંધીનગર

જનતા પાસેથી ટેક્સના કરોડો રૂપિયા ઉઘરાવીને 'ડિજિટલ રોડ' અને વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મોટા મોટા દાવાઓ વચ્ચે દિલ્હી-મુંબઈ કોરિડોર અને અમદાવાદ-વડોદરા-વાપીથી મુંબઈ સુધીના રેગ્યુલર હાઈવેની હાલત અત્યંત બિસ્માર બની ગઈ છે. કરોડોના ખર્ચે બનેલા આ રસ્તાઓ પરથી પસાર થવું હવે વાહનચાલકો માટે એક જીવલેણ અનુભવ સાબિત થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા અને મીડિયાના પ્રચારમાં ભલે આ રસ્તાઓને ચમકદાર દર્શાવવામાં આવતા હોય, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે: ખાડાઓનું સામ્રાજ્ય: અમદાવાદ-વડોદરા અને વાપીથી મુંબઈ સુધીના રસ્તા પર એક કિલોમીટર પણ એવો નથી જ્યાં ગાબડા કે ખાડા ન હોય. રોજના લાખો વાહનચાલકો હેરાન: દરરોજ



આ રૂટ પરથી પસાર થતાં લાખો મુસાફરો, વેપારીઓ અને ટ્રાન્સપોર્ટરો ખાડારાજ અને ટ્રાફિક જામનો સીધો ભોગ બની રહ્યા છે. ટોલટેક્સ પૂરો, સુવિધા શૂન્ય: ગ્રાહકો પાસેથી એક-એક રૂપિયો ટોલટેક્સ વસૂલવામાં આવે છે, પરંતુ બદલામાં કમરતોડ ખાડા અને જીવનું જોખમ જ મળે છે.

નવા બનાવેલા હાઈવે એક જ સીઝનમાં ધોવાઈ જાય તે વાત જ પુરવાર કરે છે કે રોડ નિર્માણમાં કેવા સ્તરનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. જનતાના ટેક્સના નાણાંમાંથી બનેલા આ હાઈવેમાં મોટા પાયે 'કટકી' અને લોટ પાણી ને લાકડા જેવું કામ થયું હોવાના સીધા આક્ષેપો ઉઠી રહ્યા છે. મીડિયામાં ભલે ગમે તેવા સુંદર દાવાઓ કરવામાં આવે કે ઊઠાં ભણાવવામાં આવે, પણ રોજ આ રસ્તા પરથી પસાર થતી જનતા આ 'કાંડ'નો સીધો અનુભવ કરી રહી છે. ડિજિટલ અને સ્માર્ટ રોડના મોહક બોર્ડ લગાવી દેવાથી રસ્તાઓ સારા થઈ જતા નથી. જ્યારે કરોડોના ખર્ચે બનેલો કોરિડોર ધૂળધાણી થઈ જતો હોય ત્યારે જવાબદાર તંત્ર અને કોન્ટ્રાક્ટરો સામે પગલાં કેમ નથી લેવાતા? પાક્કો ગુજરાત જનતાના આક્રોશને વાચા આપતું રહેશે. પ્રજાના ટેક્સની કમાણીમાંથી કમિશનખોરી કરનારા તત્વોનો પર્દાફાશ કરવો જ રહ્યો. તંત્ર આ બિસ્માર રસ્તાઓનું વહેલી તકે રિપેરિંગ કરાવે અને દોષિતો સામે કડક કાર્યવાહી કરે તે જરૂરી છે.

### અમરેલીમાં યોજાયેલ એક કાર્યક્રમની તસ્વીરોને લઇને રાજકીય ચર્ચાઓ શરૂ

## અમિત શાહ અને જીતુ વાઘાણી વચ્ચેનું 'અંતર' ચર્ચાનો વિષય બન્યો

**મંચ પર અને તસ્વીરો ખેંચાવતી વખતે અમિત શાહ અને જીતુ વાઘાણી વચ્ચેનું અંતર સહુની નજરે ચઢ્યું : તળાવના લોકાર્પણ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી પણ હાજર રહેલા**

અમદાવાદ

આજે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામ નજીક ગાગડિયો નદી પર 'ગુજરાત ગૌરવ સરોવર'નું લોકાર્પણ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના હસ્તે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી પણ હાજર રહેલા પણ સરકારી માહિતી વિભાગ દ્વારા આ અંગેના સમાચાર સાથે પ્રસિદ્ધિ માટે મોકલવામાં આવેલી તસ્વીરોમાં રાજ્યની ભૂપેન્દ્ર પટેલની સરકારના કૃષિ અને પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણી અને કેન્દ્રિય મંત્રી અમિતભાઈ શાહ વચ્ચેનું અંતર સ્પષ્ટ દેખાઈ આવે છે. તસ્વીરોમાં જીતુભાઈ વાઘાણી શા માટે અમિતભાઈ શાહથી દૂર રહ્યા કે રાખવામાં આવ્યા તે પ્રશ્ન હાલ તો ચર્ચાઈ રહ્યો છે. જોકે આ સમગ્ર મામલે કોઈ સત્તાવાર ટિપ્પણી કે ખુલાસો જીતુભાઈ વાઘાણી કે અન્ય કોઈ સરકારી વિભાગ કે અમિતભાઈ શાહ તરફથી કરવામાં આવ્યો નથી. નોંધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય મંત્રી અમિતભાઈ શાહ ગુજરાત પ્રવાસે આવે ત્યારે પ્રોટોકોલ અનુસાર તસ્વીર ખેંચાવતી વખતે અને કાર્યક્રમના સ્થળે મંચ પર પણ કોણ ક્યાં બેસશે અને




ઉભુ રહેશે તે અગાઉથી નક્કી કરી દેવામાં આવે છે. જોકે હાલ તો અમિતભાઈ શાહના અમરેલીના આ કાર્યક્રમમાં જીતુભાઈ વાઘાણી અને અમિતભાઈ વચ્ચેનું તસ્વીરોમાં જોવા મળતું અંતર વિપક્ષની સાથે રાજકીય પંડિતોમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામ નજીક ગાગડિયો નદી પર 'ગુજરાત ગૌરવ સરોવર'ના લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, અમરેલી પંથકમાં ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા જળસંચય ક્ષેત્રે અદભુત કામગીરી કરવામાં આવી છે.

### રક્ષાબંધનના પાવન પર્વે મુખ્યમંત્રી

# ભૂપેન્દ્ર પટેલની 'દાદા માર્કા' ગિફ્ટ: રાજ્યની 14 મહિલા ધારાસભ્યો માટે રૂપિયા 28 કરોડની વિશેષ ગ્રાન્ટ જાહેર!



ગાંધીનગર

પવિત્ર રક્ષાબંધનના તહેવાર નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની મહિલા ધારાસભ્યો અને તેમના મતવિસ્તારની જનતા માટે એક ઐતિહાસિક અને પ્રજાલક્ષી નિર્ણય લીધો છે. ભાઈ-બહેનના પ્રેમ અને રક્ષણના આ પર્વ પર મુખ્યમંત્રીએ રાજ્યની તમામ ૧૪ મહિલા ધારાસભ્ય બહેનોને તેમના વિસ્તારોમાં વિકાસની ગંગા વહાવવા માટે રૂ. ૨૮ કરોડની વિશેષ ગ્રાન્ટની મોટી ભેટ આપી છે. ગુજરાત વિધાનસભામાં શહેરી અને ગ્રામ્ય બંને ક્ષેત્રોનું નેતૃત્વ કરતી ૧૪ મહિલા ધારાસભ્યોના મતવિસ્તારોમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માળખાકીય સુવિધાઓ વધુ મજબૂત બને તે હેતુથી આ માતબર રકમ મંજૂર કરવામાં આવી છે.

કુલ ફાળવણી: ૨૮ કરોડ (પ્રત્યેક મહિલા ધારાસભ્યને ૨ કરોડની ગ્રાન્ટ). પ્રતિનિધિત્વ: ૯ શહેરી વિસ્તારો અને ૫ ગ્રામ્ય વિસ્તારોના મહિલા ધારાસભ્યો. ઉદ્દેશ્ય: રોડ-રસ્તા, કનેક્ટિવિટી અને સ્થાનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અટકેલા કે પ્રાથમિકતા ધરાવતા વિકાસકામો ઝડપથી પૂર્ણ કરવા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ જનહિતલક્ષી નિર્ણયથી સંબંધિત તમામ ૧૪ મતવિસ્તારોમાં રસ્તાઓની સુવિધા વધુ સુચારુ બનશે. આ વિશેષ ગ્રાન્ટને કારણે ગામડાઓ અને શહેરી વિસ્તારોમાં આંતરિક રસ્તાઓ, એપ્રોચ રોડ અને કનેક્ટિવિટીના કામોને નવી ગતિ મળશે, જેનાથી રોજેરોજ અવરજવર કરતા લાખો નાગરિકોની મુશ્કેલીઓનો અંત આવશે.

રક્ષાબંધનના શુભ અવસરે મળેલી આ સરપ્રાઈઝ ડેવલપમેન્ટ ગિફ્ટ બદલ તમામ ૧૪ મહિલા ધારાસભ્યોએ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો છે. રક્ષાબંધન માત્ર રક્ષાસૂત્ર બાંધવાનો જ પર્વ નથી, પણ પ્રજાના રક્ષણ અને સુખાકારી માટેનું વચન પણ છે – તે વાત ભૂપેન્દ્ર પટેલ સરકારે આ નિર્ણયથી સાબિત કરી બતાવી છે.

### 80 હજાર પેન્ડિંગ દાવા ઉકેલાશે

## સાગબારાના ખેડૂતોને પુરાવાના આધારે જંગલની જમીન આપવાનો નિર્ણય

ગાંધીનગર

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના 12 થી 13 ગામના ખેડૂતોના જંગલની જમીનના મુદ્દે સરકાર અને આદિવાસી નેતા સાંસદ મનસુખ વસાવા વચ્ચે યોજાયેલી બેઠક બાદ મહત્વનો નિર્ણય લેવાયો છે. વર્ષોથી જંગલની જમીન ખેડતા ખેડૂતોને નિયમો મુજબ જરૂરી પુરાવાના આધારે જમીનનો હક આપવાની દિશામાં કાર્યવાહી કરવા સરકાર સંમત થઈ છે. આ સાથે ગુજરાતમાં વર્ષોથી પેન્ડિંગ રહેલા આશરે 80 હજાર જેટલા દાવાઓના નિકાલ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. મનસુખ વસાવાએ જણાવ્યું કે, સાગબારા તાલુકાના 12 ગામના લોકો છેલ્લા આશરે 20 વર્ષથી જંગલની જમીન ખેડી રહ્યા છે. છેલ્લા બે વર્ષથી ઉમરપાડા તાલુકાના ખેડૂતો સાથે જમીનના મુદ્દે ઘર્ષણ થતાં સામાજિક રીતે પણ પ્રશ્નો ઊભા થયા છે. આ મુદ્દે ખેડૂતો છેલ્લા 15થી 16 દિવસથી ધરણાં પર બેઠા છે. સરકાર દ્વારા સમગ્ર મામલે સ્થળ પર જઈ ખેડૂતો સાથે ચર્ચા કરવાનો નિર્ણય લેવાયો છે. રાજ્ય વન મંત્રી પ્રવીણ માળી અને પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલ રક્ષાબંધન પર્વ બાદ સાગબારા જશે. બંને મંત્રીઓ સ્થાનિક અધિકારીઓ સાથે બેઠક કરીને આંદોલન કરી રહેલા ખેડૂતો સાથે સીધી ચર્ચા કરશે. સાગબારા વિસ્તારના આશરે 1300 ખેડૂતોના પ્રશ્નો અંગે પણ સ્થળ પર ચર્ચા કરવામાં આવશે. કયા ખેડૂતોને જંગલની જમીનનો હક મળી શકે તેમ છે અને તેના માટે કયા પુરાવા જરૂરી છે તે અંગે ખેડૂતોને સમજાવવામાં આવશે.

### ડભોઇ-વાઘોડિયા માર્ગ પર મીડિયાના અહેવાલની ધારદાર અસર

## તરસાણા ચોકડી પાસે 3 મહિનાથી અટકેલું નાળાનું કામ તંત્રએ 48 કલાકમાં શરૂ કરાવ્યું

ડભોઇ

ડભોઈથી વાઘોડિયાને જોડતા મુખ્ય માર્ગ પર આવેલી તરસાણા ચોકડી પાસે કોન્ટ્રાક્ટરની લાપરવાહીના કારણે છેલ્લા ત્રણ મહિનાથી અધૂરું પડેલું બે નાળાનું નિર્માણ કાર્ય મીડિયાના અહેવાલ બાદ તંત્ર દ્વારા ગણતરીના ૪૮ કલાકમાં ફરી શરૂ કરી દેવામાં આવ્યું છે. લાંબા સમયથી હાલાકી ભોગવી રહેલા સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોમાં આ પગલાથી રાહતની લાગણી પ્રસરી છે.

ત્રણ મહિનાથી અટવાયેલું કામ: ત રસાણા ચોકડી નજીક બે નાળા બનાવવાનું કામ કોન્ટ્રાક્ટરે અધવચ્ચે જ છોડી દીધું હતું. આ બાબતે સ્થાનિક ગ્રામજનો અને દૈનિક



મુસાફરો દ્વારા તંત્રને વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી, છતાં લાંબા સમય સુધી કોઈ નક્કર પગલાં લેવાયા નહોતા.

ડભોઇ-વાઘોડિયા માર્ગ અત્યંત વ્યસ્ત ગણાય છે. અહીંથી દરરોજ હજારો નોકરિયાતો, શ્રમિકો અને વિદ્યાર્થીઓ વાઘોડિયા GIDC, પારુલ યુનિવર્સિટી/હોસ્પિટલ, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ઔદ્યોગિક એકમો તરફ અવરજવર કરે છે. નાળાનું કામ અધૂરું હોવાથી અહીં અવારનવાર ટ્રાફિક જામ અને અકસ્માતનો ભય રહેતો હતો. અહેવાલ પ્રસારિત થતાં તંત્ર એક્શન મોડમાં લોકોની મુશ્કેલીને વાચા આપતો અહેવાલ મીડિયામાં પ્રસિદ્ધ થતાં જ વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું તંત્ર દ્વારા તાત્કાલિક સૂચના આપીને માત્ર ૪૮ કલાકની અંદર જ સ્થળ પર કામગીરી પૂરજોશમાં પુ શરૂ કરાવી દેવામાં આવી હતી.કામગીરી ફરી શરૂ થતાં વાહનચાલકો , કામદારો અને આસપાસના ગા મજનોએ તંત્રની ત્વરિત કામગીરીને આવકારી હતી તેમજ જનહિ તનો પ્રશ્ન ઉઠાવવા બદલ મીડિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ભરૂચમાં કારચાલકે ચાર લોકોને અડફેટે લીધા:ધોળીકુઇમાં અકસ્માત બાદ કારની એર બેગ ખુલી, ડ્રાઇવર નશામાં ધૂત હોવાનો આક્ષેપ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેરના ધોળીકુઈ વિસ્તારમાં મહાદેવ મંદિર નજીક એક કારચાલકે બેફામ રીતે કાર હંકારી હતી. આ ઘટનામાં ચાર રાહદારીઓ અને વાહનચાલકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. કારચાલક દારૂના નશામાં હોવાના આક્ષેપ છે.

પ્રાથમિક માહિતી અનુસાર, કાર એટલી ઝડપે હતી કે ટક્કર બાદ તેના બંને એરબેગ ખુલી ગયા હતા. કારચાલકે અનેક વાહનોને પણ અડફેટે લેતા તેમને મોટું નુકસાન થયું હતું.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી. ઈજાગ્રસ્તોની ફરિયાદના આધારે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

### આરોગ્ય તંત્રની કામગીરી સામે સવાલો

## ડભોઇના શક્તિનગરમાં સ્વાઇન ફ્લૂનો પોઝિટિવ કેસ નોંધાતા ફફડાટ

ડભોઇ

ડભોઇ નગરમાં સ્વાઈન ફ્લૂનો શંકાસ્પદ કેસ સામે આવ્યા બાદ તેનો રિપોર્ટ પોઝિટિવ આવતા સમગ્ર પંથકમાં ભારે ફફડાટ ફેલાયો છે. શક્તિનગર વિસ્તારમાં રહેતા ૨૫ વર્ષીય યુવક મહેશભાઈ રમણભાઈ તડવીને શંકાસ્પદ લક્ષણો જણાતા સારવાર અર્થે ડભોઇ રેફરલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેમનો સ્વાઈન ફ્લૂનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. દર્દીની ગંભીર સ્થિતિને જોતા વધુ સારવાર અર્થે તાત્કાલિક વડોદરાની ગોત્રી જનરલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે.

આરોગ્ય વિભાગ દ્વારા સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. સ્વાઈન ફ્લૂનો કેસ સામે આવતા જ સ્થાનિક આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. શક્તિનગર સહિત આસપાસના વિસ્તારોમાં રોગચાળો વકરે નહીં તે માટે તકેદારીના પગલાં



લેવામાં આવ્યા છે: અસરગ્રસ્ત વિસ્તારના અંદાજે ૫૦ જેટલા વ્યક્તિઓના શંકાસ્પદ સેમ્પલ લેવાયા હતા, જે તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. રોગચાળાના નિયંત્રણ માટે અલગ-અલગ વિસ્તારોમાંથી પીવાના પાણીના ૧૫૦ જેટલા નમૂના એકત્ર કરવામાં આવ્યા છે.


તાવ અને અન્ય લક્ષણો ધરાવતા દર્દીઓની ૩૩ જેટલી બ્લડ સ્લાઈડ્સ બનાવી લેબોરેટરી તપાસ માટે મોકલાઈ છે.

આરોગ્ય વિભાગની વિવિધ ટીમો દ્વારા ડોર-ટુ-ડોર સર્વે હાથ ધરીને અન્ય કોઈ વ્યક્તિમાં લક્ષણો છે કે નહીં તેની સતત ચકાસણી કરવામાં આવી રહી છે. કાયમી આરોગ્ય અધિકારીના અભાવે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ડભોઇ તાલુકામાં લાંબા સમયથી તાલુકા હેલ્થ ઓફિસર (THO) ની કાયમી જગ્યા ખાલી હોવાથી સમગ્ર વ્યવસ્થા ઈન્ચાર્જના ભરોસે ચાલી રહી છે. જ્યારે પણ કોઈ રોગચાળો ફેલાય ત્યારે જ તંત્ર સક્રિય થતું હોવાનો સ્થાનિક લોકો આક્ષેપ કરી રહ્યા છે.

## હર્ષ સંઘવીના હોમટાઉનમાં જ કાયદાના ધજાગરા: વરાછામાં દારૂના અડ્ડા પર જનતા રેડ!

સુરત

ગુજરાતમાં કાગળ પર કડક દારૂબંધીના દાવાઓ વચ્ચે સુરતના વરાછા વિસ્તારમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સ્વયં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના નિવાસસ્થાન ધરાવતા શહેરમાં અને વરાછા પોલીસ સ્ટેશનની નાકની નીચે ખુલ્લેઆમ ચાલતા દારૂના અડ્ડા પર સ્થાનિક જનતાએ લાઈવ 'જનતા રેડ' પાડીને પોલીસ અને વહીવટી તંત્રના દાવાઓની હવા કાઢી નાખી છે. સ્થાનિક લોકો અને જાગૃત નાગરિકોએ વરાછા વિસ્તારમાં ધમધમતા દારૂના અડ્ડા પર અચાનક દરોડો પાડીને વિડીયો શૂટિંગ સાથે લાઈવ કામગીરી કરી હતી.



પોલીસની નિષ્ક્રિયતા પર સવાલ: જે કામ વરાછા પોલીસે કરવાનું હતું, તે કામ સ્થાનિક નાગરિકોએ જાતે રસ્તા પર ઊતરીને કરવું પડ્યું છે.

બેફામ દેશી-વિદેશી દારૂ: રેડ દરમિયાન સ્થળ પરથી દેશી અને વિદેશી દારૂનો જથ્થો તેમજ નશાખોરો મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

બુટલેગરોને પોલીસનો ડર નથી કે પછી હપ્તાખોરીની છત્રછાયા?

સ્થાનિક લોકોમાં આ ઘટનાને પગલે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જનતા ખુલ્લેઆમ સવાલો ઉઠાવી રહી છે કે–

શું સુરતમાં બુટલેગરોને ગૃહ રાજ્યમંત્રી કે પોલીસ તંત્રનો કોઈ ખોફ જ રહ્યો નથી?

ખાખી વર્દીની નાકની નીચે મહિનાઓથી દારૂના અડ્ડા ધમધમે અને પોલીસને ગંધ સુદ્ધાં ન આવે, તે વાત ગળે ઊતરે તેવી છે?

શું આ દારૂના અડ્ડાઓ ખાખી વર્દી ધારીઓની છત્રછાયા અને ખાખી-બુટલેગરની મિલીભગતથી ચાલતા હપ્તા રાજનું પરિણામ છે?

ગૃહ વિભાગ દ્વારા અવારનવાર દારૂબંધીના કડક અમલની મોટી મોટી વાતો કરવામાં આવે છે. પરંતુ મંત્રીના પોતાના જ શહેરમાં અને તે પણ વરાછા જેવા મહત્વના પોલીસ સ્ટેશનની હદમાં નાગરિકોએ જાતે જઈને અડ્ડા બંધ કરાવવા પડે, તે રાજ્યના પોલીસ તંત્ર માટે અત્યંત શરમજનક બાબત છે.

હવે જોવાનું એ રહે છે કે આ જનતા રેડ બાદ વરાછા પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં ભરાય છે કે પછી દર વખતની જેમ કાગળ પરની કાર્યવાહી કરીને મામલો રફેદફે કરી દેવાશે.

શું આપના વિસ્તારમાં પણ આવા ગેરકાયદેસર દારૂના અડ્ડાઓ ચાલે છે?

### 5696 મુસાફરે પાસ કઢાવ્યા

## એસટી ડેપો માટે મુસાફર પાસ બન્યા 'સંજીવની': માત્ર ત્રણ જ મહિનામાં 85 લાખથી વધુની આવક રળી આપી

ગાંધીનગર

ગાંધીનગરમાં દૈનિક ધોરણે એસ.ટી. બસ મારફતે મુસાફરી કરતા નોકરિયાતો અને સામાન્ય નાગરિકો માટે એસ.ટી. નિગમની મુસાફર પાસ યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આ સુવિધા અંતર્ગત મુસાફરો માત્ર 15 દિવસના ભાડાની ચુકવણી કરીને પૂરા એક મહિના સુધી નિશ્ચિત માર્ગ પર અમર્યાદિત મુસાફરીનો લાભ મેળવી શકે છે. આ મોંઘવારીના સમયમાં આર્થિક રાહત આપતી યોજનાને લીધે ગાંધીનગર એસ.ટી. ડેપોની તિજોરી છલકાઈ ગઈ છે અને છેલ્લા ત્રણ મહિનાના ગાળામાં જ ડેપોને રૂ. 85 લાખ કરતાં પણ વધુની આવક પ્રાપ્ત થઈ છે.



ગુજરાતભરમાં દૈનિક ધોરણે અપડાઉન કરતા મુસાફરો એસ.ટી. સેવાઓનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરે છે. મુસાફરોની સુરક્ષિત અને સસ્તા દરે અવરજવર સુનિશ્ચિત કરવા માટે અમલી કરાયેલી પાસ પદ્ધતિને પગલે ડેપોની આવકમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. મહત્વનું છેકે મોંઘા ઈંધણ અને ખાનગી વાહનોના મોટા ખર્ચ સામે એસ.ટી. બસની આરામદાયક અને સુરક્ષિત મુસાફરી તરફ લોકોનો ઝુકાવ સતત વધી રહ્યો છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, ચાલુ વર્ષે મેથી જુલાઈ મહિના દરમિયાન ગાંધીનગર ડેપો પરથી કુલ 5696 મુસાફરોએ નવો પાસ કઢાવીને કે રિન્યૂ કરાવીને મુસાફરી કરી હતી. આ ચોક્કસ સમયગાળા દરમિયાન ગાંધીનગર એસ.ટી. ડેપોને મુસાફર પાસ પેટે 85 લાખ 41 હજાર 556 ની ચોખ્ખી આવક થઈ છે. આ યોજના થકી 15 દિવસના ભાડામાં આખા મહિનાની મુસાફરી મળતી હોવાથી નોકરિયાત વર્ગ અને શ્રમજીવીઓ માટે આ યોજના આર્થિક રીતે ખૂબ ફાયદાકારક નીવડી છે.મુસાફરોની સંખ્યામાં ઉત્તરોત્તર થઈ રહેલા આ વધારાને પગલે ગાંધીનગર એસ.ટી. ડેપોનું તંત્ર પણ વધુ સારી સેવાઓ પૂરી પાડવા ઉત્સાહિત બન્યું છે જ્યારે સામે પક્ષે નિગમની આવકમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે.

## પાટણના સલૂન પાછળ ધમધમતું હતું જુગારધામ, પોલીસની રેડથી ખુલ્યો ભાંડો!

પાટણ

પાટણ શહેરના પોશ વિસ્તાર ગણાતા એસ.કે. પ્લાઝા કોમ્પ્લેક્ષમાંથી એક સનસનાટીભર્યા સમાચાર સામે આવ્યા છે. મોંઘાદાટ સલૂનના બોર્ડ પાછળ ચાલતા હાઈટેક જુગારધામનો પાટણ પોલીસે પર્દાફાશ કર્યો છે. ગ્રાહકોને હેર કટિંગ અને સલૂન સર્વિસ આપવાના બહાને અંદરના રૂમમાં લાખોના દાવ ખેલાઈ રહ્યા હતા, પરંતુ પોલીસની એક જ રેડમાં આખું નેટવર્ક બરબાદ થઈ ગયું છે.

ગુપ્ત બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને ઘટનાસ્થળેથી અનેક જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે. સ્થળ: એસ.કે. પ્લાઝા કોમ્પ્લેક્ષ, પાટણ શહેર. મોડસ ઓપરેન્ડી: બહારથી સામાન્ય સલૂન જેવો દેખાવ, પરંતુ અંદર ગેરકાયદે જુગારધામ. મુદ્દામાલ: રોકડ રકમ, દાવ પર લગાવેલા નાણાં, મોબાઈલ ફોન અને વાહનો સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત. તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી જેલભેગા કરવાની તજવીજ હાથ ધરાઈ.

જે જગ્યાએ લોકો સુંદર દેખાવા જાય છે, ત્યાં પાપનો કાળો વેપાર ફૂલીફાલી રહ્યો હતો! વેપારી કોમ્પ્લેક્ષોમાં આવા અડ્ડાઓ ચલાવનારા તત્વો સામે પોલીસે આકરી ઝુંબેશ શરૂ કરી દીધી છે. પાટણ પોલીસની આ આક્રમક કામગીરીથી અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

શું તમારા વિસ્તારમાં પણ આવી કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ ચાલી રહી છે? પાક્કો ગુજરાત સતત આવી તમામ કાળી કરતૂતોનો પર્દાફાશ કરતું રહેશે.

### રાજ્ય સરકારે કંટ્રોલ રૂમ શરૂ કરી બચાવ કામગીરી તેજ કરી

## નેપાળમાં પૂર-ભૂસ્ખલનથી ગુજરાતના 12 નાગરિકો ફસાયા

ગાંધીનગર

નેપાળ-તિબેટ સરહદી વિસ્તારમાં અચાનક આવેલા વિનાશક પૂર અને ભૂસ્ખલનના કારણે કૈલાશ માનસરોવર યાત્રા તથા પ્રવાસે ગયેલા ગુજરાતના 12 નાગરિકો ફસાયા હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. કેટલાક યાત્રાળુઓનો પરિવારજનો સાથે સંપર્ક ન થતાં ચિંતા વધી છે. ગુજરાત સરકારે સમગ્ર મામલે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી છે. રાજ્ય સરકારે ગાંધીનગરમાં સ્ટેટ કંટ્રોલ રૂમ કાર્યરત કર્યો છે. સાથે જ



કાઠમંડુ સ્થિત ભારતીય દૂતાવાસ સાથે સતત સંકલન કરવામાં આવી રહ્યું છે. અસરગ્રસ્ત વિસ્તારમાં ફસાયેલા ગુજરાતીઓની સ્થિતિ અંગે માહિતી મેળવવા અને જરૂરી બચાવ કામગીરી માટે તંત્ર સક્રિય બન્યું છે. અમદાવાદના ત્રણ નાગરિકોના નામ સામે આવ્યા છે. તેમાં મેમનગરના અશોકભાઈ ધીરજલાલ કાપડીનો સમાવેશ થાય છે, જેમનો છેલ્લો સંપર્ક ગઈકાલે સવારે આશરે 8:30 વાગ્યે થયો હતો. નવા વાડજના દિનેશભાઈ પ્રાગજીભાઈ પટેલ, મૂળ અમરેલીના અને અમેરિકાના નાગરિક છે. જ્યારે મોટેરા-કોટેશ્વરના ભાવિનકુમાર રજનીકાંત રાવલ, મૂળ મહેસાણાના છે અને ઓસ્ટ્રેલિયન નાગરિક હોવાનું જણાવાયું છે.

તેઓ અન્ય 26 લોકોના ગ્રૂપ સાથે ગયા હતા. આણંદના બિમલકુમાર પટેલ અને જયમિનાબેન પટેલ પણ સંપર્કવિહોણા લોકોની યાદીમાં છે. બંને વિદ્યાનગર રોડના રહેવાસી અને મૂળ ભારતીય અમેરિકન નાગરિક હોવાનું જણાવાયું છે. બંને 'નમસ્તે નેપાળ ટ્રેકિંગ એન્ડ રિસર્ચ હબ' એજન્સી મારફતે કૈલાશ માનસરોવર ગયા હતા.

## લાલબાપુના સ્વાસ્થ્યમાં સુધારો, શનિવારે રજા અપાશે

### ભારત રક્ષા મંચના પ્રતિનિધિઓએ હોસ્પિટલમાં મુલાકાત લીધી

રાજકોટ

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ગધેથડ ગામે આવેલી વેણુ નદીના કિનારે સ્થિત સુપ્રસિદ્ધ ગાયત્રી આશ્રમના સંત શ્રી લાલબાપુ છેલ્લા એક સપ્તાહથી અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. આજે તેમના સ્વાસ્થ્યની ખબર લેવા માટે ભારત રક્ષા મંચના પશ્ચિમ ક્ષેત્રના સંગઠન પ્રમુખ ડો. ઈલેવાન ઠાકર સહિતના પ્રતિનિધિઓએ હોસ્પિટલમાં મુલાકાત લીધી હતી. આ પ્રતિનિધિ મંડળમાં પ્રાંત ઉપાધ્યક્ષ ધર્મેન્દ્રસિંહ ગોહિલ, ગોપાલભાઈ ઉપાધ્યાય, પ્રાંત મંત્રી અને ગાંધીનગર-સાબરકાંઠા જીલ્લા પ્રભારી કેતનભાઈ જોશી, ગંગા સમગ્રના પ્રાંત સંયોજક અરૂણ રાજૂપત અને જાબાલભાઈ દવે સહિતના લોકો



સામેલ હતા. તેમણે લાલબાપુની તબિયત અંગે હોસ્પિટલના ડૉ. વ્યાસ સાથે ચર્ચા કરી અને બિમારીની વિગત મેળવી હતી. હૉસ્પિટલના તબીબો અનુસાર, લાલબાપુની તબિયત હાલમાં ખૂબ જ સુધારા પર છે. 'શનિવારના રોજ તેમને રજા આપવાના છે,' એમ તબીબોએ જણાવ્યું હતું. આ સમાચાર સાંભળી ઉપસ્થિત તમામ સભ્યોએ સંતોષ અને આનંદ વ્યક્ત કર્યો હતો. સંગઠનના પ્રતિનિધિઓએ લાલબાપુના સ્વાસ્થ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.


## તંત્રી લેખ...

# કોચિંગ ક્લાસ ગાઈડલાઈન કે 'વહીવટ'ની ગંગોત્રી? ટ્યુશન ભૂખ્યા સંચાલકોને સાચવવા નીતિ-નિયમોમાં મોટો ખેલ!

શિક્ષણ અને સલામતીના નામે બનાવવામાં આવેલા નવા ડ્રાફ્ટને જોઈને આજે સામાન્ય વાલી પણ પૂછી રહ્યો છે કે–આ નિયમો વિદ્યાર્થીઓના હિત માટે બન્યા છે કે મોટા કોચિંગ માફિયાઓને બચાવવા માટે? ડ્રાફ્ટ બનાવનારાઓ સાથે લાખો-કરોડો રૂપિયાનો મોટો 'વહીવટ' પાર પડ્યો હોય તેવી ગંધ આવી રહી છે. જે બાબતો તાર્કિક રીતે અશક્ય છે, તેને કાયદાકીય રૂપ આપીને ગરીબ અને મધ્યમવર્ગીય વાલીઓના ખિસ્સા કાપવાનો પરવાનો આપવામાં આવ્યો હોય તેવું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

## 5 થી 8કલાકનું ટ્યુશન? આ શિક્ષણ છે કે માનસિક ટોર્ચર?

સામાન્ય રીતે કોઈપણ બાળકની સહનશક્તિ અને માનસિક સ્થિતિ મુજબ ટ્યુશનનો સમય મહત્તમ ૨ કલાકનો હોવો જોઈએ. તેને બદલે ડ્રાફ્ટમાં ૫ થી ૮ કલાક સુધી ટ્યુશન ચલાવવાની છૂટ આપવી એ બાળકોના સ્વાસ્થ્ય અને માનસિક વિકાસ સાથે રમત છે.




શાળાના ૬ કલાક અને ટ્યુશનના ૮ કલાક... શું બાળકના જીવનમાં રમતગમત, ઊંઘ કે સ્વ-અભ્યાસ માટે કોઈ સ્થાન નથી રહેવા દેવું?

૮-૮ કલાક સુધી કોચિંગ ક્લાસ ચલાવવાની મંજૂરી આપવા પાછળ ક્લાસ સંચાલકો પાસેથી કેટલું 'મોટું સેટિંગ' થયું છે?

## 16 વર્ષના બદલે 14 વર્ષે પ્રવેશ: નીતિ-નિયમોનું ખુલ્લેઆમ ધોવાણ

કેન્દ્ર સરકારની મુસદ્દા માર્ગદર્શિકામાં ૧૬ વર્ષથી નાના બાળકોને કોચિંગ ક્લાસમાં પ્રવેશ આપવા પર સ્પષ્ટ પ્રતિબંધ હતો, જેથી નાની વયે બાળકો પર સ્પર્ધાત્મક પરીક્ષાઓનું બોજ ન પડે. છતાં આ મર્યાદા ઘટાડીને ૧૪ વર્ષ કરવાની પેરવી કોના ઈશારે થઈ? ૧૪ વર્ષના માસૂમ બાળકોને ડિપ્રેશન તરફ ધકેલતી આ જોગવાઈ પાછળ કયા મોટા ગજાના અબજોપતિ કોચિંગ લોબીનો વહીવટ થયો છે?

## શિક્ષણના વ્યાપારીકરણને કાયદાકીય કવચ પૂરું પાડવાનો આ ખુલ્લો પ્રયાસ છે.

ફરિયાદ કરવાનો હક છીનવ્યો: વાલીઓની મજબૂરીનો તંત્ર દ્વારા દુરૂપયોગ

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે ડ્રાફ્ટમાં વાલીઓ કે નાગરિકો માટે ફરિયાદ કરવાની પ્રક્રિયાને અત્યંત જટિલ બનાવી દેવાઈ છે અથવા તો ફરિયાદ કરવાનો પ્રાથમિક હક જ છીનવી લેવામાં આવ્યો છે.

જો કોઈ સંચાલક નિયમભંગ કરે, વધારે ફી ઉઘરાવે કે સલામતીના ધોરણો નેવે મૂકે, તો વાલીએ ક્યાં જવું?

કોઈ પણ વ્યક્તિ, પછી તે વાલી હોય કે જાગૃત નાગરિક, ઓનલાઈન કે ઓફલાઈન માધ્યમથી ઘરબેઠા સરળતાથી ફરિયાદ નોંધાવી શકે અને ચોક્કસ સમયમર્યાદામાં તેનો તાત્કાલિક નિકાલ થાય તેવી સુદ્રઢ વ્યવસ્થા હોવી જ જોઈએ.

ફરિયાદ કડક કરવાનો અધિકાર છીનવીને કોચિંગ માફિયાઓને 'ઓપન છૂટ' આપવા પાછળ કેટલું મોટું ફંડ ટેબલ નીચેથી સરકાવવામાં આવ્યું છે?

## રાજ્ય સરકાર સુધી 'પાક્કો ગુજરાત'નો અવાજ:

શિક્ષણ મંત્રી અને મુખ્યમંત્રીએ આ બાબતની ગંભીરતાથી નોંધ લેવી જ પડશે. ડ્રાફ્ટ બનાવનારા અધિકારીઓની મિલીભગતની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. શિક્ષણને વ્યાપાર બનતું અટકાવવા અને માસૂમ બાળકોના ભવિષ્યની સુરક્ષા માટે આ વિવાદિત જોગવાઈઓ તાત્કાલિક ધોરણે રદ કરી, વાલીલક્ષી અને વિદ્યાર્થીહિતના નિયમો બનાવવામાં આવે તે સમયની માંગ છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# બેન્કિંગ સિસ્ટમનું વરવું ચિત્ર: 22000 કરોડના દેવા સામે માત્ર 6.5 કરોડ ચૂકવી સુભાષ ચંદ્રા મુક્ત, બેંકોને 99.97% નું 'મુંડન'...!

પાક્કો ગુજરાત ન્યૂઝ (ખાસ વિશ્લેષણ)

દેશમાં સામાન્ય માણસ પોતાની મહેનતની કમાણીમાંથી લીધેલી હોમ લોન કે બાઈક લોનનો એકાદ હપ્તો ચૂકવવામાં નિષ્ફળ જાય, તો બેંકો તાત્કાલિક નોટિસો ફટકારીને ઘરનું જપ્તીનામું અને ગાડીઓ સીઝ કરવા ઘરઆંગણે પહોંચી જાય છે. પરંતુ દેશના અબજોપતિઓ માટે બેન્કિંગ અને ન્યાયિક વ્યવસ્થા કેટલી મહેરબાન છે, તેનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. દેશના જાણીતા મીડિયા મોગલ અને એસલ ગ્રૂપના સર્વેસર્વા સુભાષ ચંદ્રાના ૨૨,૦૦૬.૫૭ કરોડ રૂપિયાના વિશાળકાય દેવા સામે નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ (NCLT) દ્વારા માત્ર ૬.૫ કરોડ રૂપિયા ચૂકવવાનો રિઝોલ્યુશન પ્લાન મંજૂર કરી દેવામાં આવ્યો છે!

લેણદારો અને બેંકોને ૯૯.૯૭% નો મસમોટો 'હેર કટ'

કંપનીઓ માટે લેવાયેલી વિવિધ લોન સામે સુભાષ ચંદ્રાએ આપેલી પર્સનલ ગેરંટી ડિફોલ્ટ થવાને કારણે આ સમગ્ર કેસ ઊભો થયો હતો.

કુલ દેવું: ૨૨,૦૦૬.૫૭ કરોડ.

મંજૂર થયેલી રકમ: માત્ર ૬.૫ કરોડ!

બેંકોનું નુકસાન: પૂરેપૂરા ૯૯.૯૭% રકમ ધોવાઈ ગઈ!

આ નિર્ણય બાદ ભારતીય બેન્કિંગ સિસ્ટમ, ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ (IBC) ની પારદર્શિતા અને સામાન્ય નાગરિકોના ટેક્સના નાણાંની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

LICHFL નો વિરોધ: ૧,૩૨૨ કરોડ સામે મળ્યા માત્ર ૩૮ લાખ!

આ રિઝોલ્યુશન પ્લાનનો એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ (LICHFL) જેવા સત્તાવાર લેણદારોએ સખત વિરોધ નોંધાવ્યો હતો. LICHFL ના રૂ. ૧,૩૨૨.૩૯ કરોડના બાકી લેણાં સામે પ્લાનમાં માત્ર રૂ. ૩૮.૦૯ લાખ જેવી હાસ્યાસ્પદ રકમ જ ઓફર કરવામાં આવી હતી.



જોકે, NCLT ના જજ નિલેશ શર્માએ ચુકાદામાં સ્પષ્ટ કર્યું હતું કે ૮૦.૮૧% વૉટિંગ શેર ધરાવતા લેણદારોની કમિટીએ આ પ્લાન મંજૂર કર્યો છે. વધુમાં જજે ટાંક્યું હતું કે સુભાષ ચંદ્રાની અંગત સંપત્તિ આ પ્રસ્તાવિત રકમ (૬.૫ કરોડ) કરતાં પણ ઓછી છે. જો આ પ્લાન ફગાવી દેવાય તો તેઓ સંપૂર્ણ નાદાર જાહેર થશે અને લેણદારોના હાથે કશું જ નહીં આવે.

### રાજકીય ધમાસાણ અને વિજય માલ્યાનો કટાક્ષ

આ નિર્ણય સામે દેશભરમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

કોંગ્રેસ નેતા જયરામ રમેશ: તેમણે સોશિયલ મીડિયા platform X પર લખ્યું કે, 'આ કોઈ હેર કટ નથી પરંતુ બેંકોનું પૂરેપૂરું 'મુંડન' કરી નાખવા સમાન છે, જે IBC કાયદાની ખુલ્લેઆમ મજાક ઉડાવે છે.'

વિજય માલ્યાનો ચાબખો: લંડન ભાગી ગયેલા ભાગેડુ કારોબારી વિજય માલ્યાએ કટાક્ષ કરતાં સુભાષ ચંદ્રાને અભિનંદન પાઠવ્યા હતા! માલ્યાએ દાવો કર્યો કે, 'મારી પાસે રૂ. ૬,૨૦૩ કરોડના દેવા સામે સરકારે રૂ. ૧૪,૧૦૦ કરોડ વસૂલ કરી લીધા છે, જ્યારે અન્ય અબજોપતિઓ નજીવી રકમ આપીને છૂટી જાય છે.'

સામાન્ય કરદાતાઓના નાણાંથી ચાલતી બેંકોના અબજો રૂપિયા આ રીતે પાણીમાં પધરાવી દેવા સામે જનતામાં ભારે રોષ છે.

શું અબજોપતિઓ માટેના નિયમો અને સામાન્ય નાગરિકો માટેના કાયદા અલગ હોવા જોઈએ?

# કાંડે રેશમ, હૈયે હેત: રક્ષાબંધન પર્વની અમૃત સરવાણી

ભારતીય સંસ્કૃતિ ઉત્સવોની સંસ્કૃતિ છે, અને એ ઉત્સવોમાં પણ માનવીય સંબંધોને અમૃત સમાન પવિત્રતા અર્પતો તહેવાર એટલે રક્ષાબંધન. શ્રાવણ મહિનાની પૂનમની એ પાવન સવાર માત્ર એક દોરો બાંધવાનો દિવસ નથી, પરંતુ બે હૃદય વચ્ચે વણાયેલા અતૂટ વિશ્વાસ, નિઃસ્વાર્થ પ્રેમ અને આજીવન રક્ષણના સંકલ્પનું મહાપર્વ છે.

સંબંધોની આ દિવ્યતા જ્યારે ઘરના આંગણે પ્રગટે છે, ત્યારે ભાઈ-બહેનનો સ્નેહ લોહીના સંબંધથી પણ ઉપર ઉઠીને એક આત્મિક બંધન બની જાય છે. કાજલ જ્યારે થાળીમાં કંકુ, ચોખા, દીવો અને રેશમની રાખડી સજાવીને ભાઈ રૂપેશની રાહ જુએ છે, ત્યારે એ પ્રતીક્ષામાં સદીઓ જૂની ભારતીય પરંપરાનો ધબકારો સંભળાય છે.

કુમકુમ તિલક ને ચોખા સોહે, વીરાના આ ભાલ પર,<br>
રેશમનો દોરો બાંધી બહેની, મલકે ભાઈના ગાલ પર.<br>
જન્મોજન્મનો સાથ છે આપણો, હેત ના ખૂટે ક્યારેય,<br>
દુનિયાની નજર ન લાગે કોઈ દિન, આ વ્હાલના સદાકાળ પર.

કાજલના હાથે રૂપેશના કાંડા પર બંધાતો એ નાનકડો રેશમી દોરો માત્ર સૂતરનો તાંતણો નથી, પણ એમાં બહેનની અઢળક પ્રાર્થનાઓ, આશીર્વાદ અને ભાઈ પ્રત્યેનો અગાધ પ્રેમ છુપાયેલો હોય છે. જ્યારે રૂપેશ પોતાનું કાંડું આગળ ધરે છે, ત્યારે તે માત્ર રાખડી નથી બંધાવતો, પરંતુ કાજલની ખુશીઓ, તેનું સન્માન અને તેના જીવનની દરેક મુશ્કેલીઓમાં કાયમ પર્વતની જેમ અડીખમ ઊભા રહેવાનો મૂક સંકલ્પ લે છે.

આ પર્વ ભાઈને તેની જવાબદારીઓનું ભાન કરાવે છે અને બહેનને એક અનોખી સુરક્ષાનો અહેસાસ કરાવે છે. નાનપણની એ મીઠી તકરાર, રમકડાં માટેના ઝઘડા અને એકબીજાની ભૂલો છુપાવવાની એ માસૂમિયત રક્ષાબંધનના દિવસે સ્મરણોના હિંડોળે ઝૂલી ઊઠે છે. આજના આધુનિક યુગમાં ભલે ભૌતિક અંતરો વધ્યા હોય, ભલે ભાઈ-બહેન કામકાજ અર્થે એકબીજાથી દૂર રહેતા હોય, પરંતુ રક્ષાબંધનનો આ પવિત્ર દિવસ એ અંતરોને ક્ષણભરમાં ભૂંસી નાખે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી ગમે તેટલી પ્રગતિ કરે, પણ લાગણીના આ રેશમી સેતુને ક્યારેય વિસ્થાપિત કરી શકતું નથી.

અંતે, રક્ષાબંધન એ માત્ર એક દિવસીય ઉત્સવ નથી, પણ જીવનભર જીવવાની એક સુંદર સંસ્કાર-સરવાણી છે. કાજલની રાખડી અને રૂપેશનો રક્ષણનો કોલ એ જ આ સૃષ્ટિનો સૌથી સુંદર સનાતન સંબંધ છે. આવો, આપણે સૌ આ પર્વની ગરિમાને હૃદયમાં સ્થાન આપીએ અને સ્નેહના આ અખંડ દીપકને કાયમ પ્રજ્વલિત રાખીએ.

**- રૂપેશ સોલંકી**

# કાનપુરમાં એરક્રાફ્ટ ક્રેશ: ગુજરાતના પાઇલટ ઈન્સ્ટ્રક્ટર સહિત કો-પાઇલટનું કરુણ મોત

## પ્લેનમાં અચાનક ધડાકો થયો, પછી નીચે પડ્યું; બંને બહાર નીકળી શક્યા નહીં

કાનપુર

ઉત્તર પ્રદેશના કાનપુરના ગંગા બેરેજ પાસે આજે એક ટ્રેનિંગ એરક્રાફ્ટ ક્રેશ થઈ ગયું હતું. આ ભયાનક દુર્ઘટનામાં પ્લેનમાં સવાર પાયલટ અને કો-પાયલટ બંનેના મોત નીપજ્યા છે. ઘટનાની જાણ થતાં જ રેસ્ક્યૂ ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી અને રાહત તેમજ બચાવ કામગીરી હાથ ધરી હતી. ગર્ગ એવિએશનનું હતું વિમાન, ગંગા બેરેજ નજીક સર્જાયો અકસ્માત મળતી માહિતી મુજબ, અકસ્માતનો ભોગ બનેલું ટ્રેનિંગ એરક્રાફ્ટ 'ગર્ગ એવિએશન'નું હતું. ગુરુવારે કાનપુરના નત્થા ખેડા વિસ્તારમાં ગંગા બેરેજ પાસે ટ્રેનિંગ એરક્રાફ્ટ ક્રેશ થતાં જ સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કાનપુરના ચીફ ફાયર ઓફિસર સહિત ઈમરજન્સી સર્વિસની ટીમો તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડ અને ઈમરજન્સી ટીમોએ તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરીને ક્રેશ થયેલા એરક્રાફ્ટના મલબામાંથી બે લોકોને અત્યંત ગંભીર હાલતમાં બહાર કાઢ્યા હતા. બંનેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક વિગતો અનુસાર, જીવ ગુમાવનારા બંને વ્યક્તિઓ પ્લેનમાં સવાર પાયલટ અને કો-પાયલટ હતા. નોંધનીય છે કે કાનપુરમાં ગુરુવારે સવારે 11:50 વાગ્યે એક ટ્રેનિંગ વિમાન ક્રેશ થયું. અકસ્માતમાં વિમાન ઉડાવી રહેલા પાયલટ અને ટ્રેનીનું મોત થયું. આ દુર્ઘટના ગંગા બેરેજ પાસે થઈ. જે સમયે વિમાન હવામાં ડગમગ્યું, ત્યારે તે લગભગ 100 ફૂટ ઉપર હતું. બેલેન્સ ગુમાવ્યા બાદ વિમાન વૃક્ષો સાથે અથડાઈને નીચે પડ્યું. પછી જોરદાર ધડાકો થયો. દુર્ઘટના સ્થળે સ્થાનિક લોકોની ભીડ એકઠી થઈ ગઈ. લગભગ 12:15 વાગ્યે પોલીસ અને પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે પહોંચી. વિસ્તારને ઘેરી લીધો. પોલીસે લોહીલુહાણ પાયલટ સચિન ભાટિયા (ગુજરાતના) અને ટ્રેની અભિષેક પૂજારી (કર્ણાટકના)ને હોસ્પિટલ પહોંચાડ્યા, જ્યાં ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા. આ દુર્ઘટનાના કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે. ઘટના સંબંધિત કેટલાક વીડિયો પણ સામે આવ્યા છે, જેમાં દેખાઈ રહ્યું છે કે ઊંચાઈ પરથી પડ્યા બાદ વિમાન કાટમાળમાં ફેરવાઈ ગયું. કોકપિટ પાસે ફસાયેલો એક પાયલટ દેખાઈ રહ્યો છે. બીજો ગંભીર હાલતમાં વિમાનથી થોડે દૂર લોહીલુહાણ પડ્યો છે. વિમાનની એક સીટ પણ તૂટીને બહાર પડી હતી.

કાનપુર પોલીસ કમિશનર રઘુબીર લાલે જણાવ્યું- "ટેકનમ કંપનીના ચાર સીટર વિમાને ચકેરી ખાતે ગર્ગ એવિએશન ટ્રેનિંગ સેન્ટરથી 11:30 વાગ્યે ઉડાન ભરી હતી. 20 મિનિટ પછી 39 કિમી દૂર નત્થાપુરવા ગામમાં ક્રેશ થયું. પાયલટ પાસે 3000 કલાક ઉડાનનો અનુભવ હતો. ડીજીસીએ (DGCA)ને જાણ કરવામાં આવી છે. હવે તેમની ટીમ તપાસ કરશે." ગુજરાતના પાયલટ સચિન ભાટિયાનું મોત અકસ્માતમાં જીવ ગુમાવનારા પાયલટોની ઓળખ કર્ણાટકના રહેવાસી અભિષેક પૂજારી અને ગુજરાતના રહેવાસી સચિન ભાટિયા તરીકે થઈ છે. અભિષેક એરક્રાફ્ટ ઉડાડવાની ટ્રેનિંગ લઈ રહ્યા હતા. સચિન તેમને શીખવી રહ્યા હતા. બંનેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પોલીસે ઘટનાસ્થળને ઘેરીને રાહત અને બચાવ કાર્ય શરૂ કરી દીધું છે. વડોદરામાં આવેલું સચિન ભાટિયાનું ઘર વડોદરામાં આવેલું સચિન ભાટિયાનું ઘર સચિન ભાટિયા વડોદરામાં ધોરણ 12 સુધી અભ્યાસ કર્યા બાદ અમેરિકા પાયલોટનો અભ્યાસ કરવા માટે ગયા હતા. ત્યાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેઓ વડોદરા આવ્યા હતા અને વડોદરામાં ફ્લાઈંગ ક્લબમાં ફરજ બજાવતા હતા.

# રાખડી-ભાઈ બહેનના સ્નેહનું પ્રતીક

આપણાં સમાજમાં રક્ષાબંધનના પર્વનો અનેરો મહિમા છે.કારણકે એકજ ઘરમાં અને માતાપિતાની છત્રછાયામાં ઉછરેલા ભાઈઓ તથા બહેનો વખત જતાં નોંખા પડી જાય છે.બહેનો ઉંમરલાયક થતાં પરણીને સાસરે જાય છે અને ભાઈઓ કામ ધંધો કરવા લાગે છે.એક ઘરમાં સાથે રમેલાં અને ઉછરેલાં ભાઈઓ તથા બહેનો વચ્ચે વિશેષ અને અતૂટ નાતો બંધાઈ જાય છે. બહેન પરણીને સાસરે ગઈ હોવાથી ભાઈ બહેનનું એકબીજાને મળવું ઓછું થઈ જાય છે અને ભાઈ અને બહેનનો સંબંધ અને પ્રેમ અતૂટ અને કાયમ રહે, એ હેતૂથી જ રક્ષાબંધનનું પર્વ સદીઓથી મનાવવામાં આવે છે. રક્ષાબંધનના દિવસે બહેન પોતાના ભાઈના હાથે રાખડી બાંધી ભાઈના જીવનની મંગલ કામના તથા દીર્ઘાયુષની પ્રાર્થના કરે છે.બહેન ભાઈના ભાલમાં કુમકુમનું તિલક કરે છે અને ભાઈનું મોંઢું મીઠું કરાવે છે. તો સામે પક્ષે ભાઈ પણ પોતાની બહેનની પડખે ઉભા રહેવાનું, મદદ કરવાનું તથા રાખડીની લાજ નિભાવવાનું વચન આપે છે અને બહેનને યથાશક્તિ ભેટ કે વીરપસલી આપે છે.રાખડી એ એક સૂતરનો તાર કે ધાગો નથી, પરંતુ, ભાઈ બહેનના સ્નેહનું પ્રતીક છે તથા પવિત્ર બંધન છે તથા બહેનનો ભાઈ પ્રત્યેનો અનન્ય પ્રેમ અને વિશ્વાસ છે. એક પુરાણી ફિલ્મમાં એક ગીત લખાયું છે કે ' ઈસે સમજો ના સૂતર કા તાર ભૈયા, મેરી રાખી કા મતલબ હૈ, પ્યાર ભૈયા'. પોતાની બહેન ગમે ત્યાં રહેતી હોય, પરંતુ, રક્ષાબંધનના દિવસે પોતાના વીરાને રાખડી બાંધવા જરૂરથી આવે છે અને ક્યારેક સંજોગોવશાત આવી શકાય એમ ન હોય તો પોસ્ટ કે કુરિયર દ્વારા અથવા કોઈ સગાં સંબંધી મારફત રાખડી મોકલી પોતાની ફરજ અદા કરે છે.આમ તો રાખડી એ સૂતરનો તાર કે ધાગો જ છે,પરંતુ એનું મૂલ્ય અણમોલ છે અને બહેનનો ભાઈ પ્રત્યેનો સ્નેહ,લાગણી અને વિશ્વાસ છે. રાખડી અંગેના હિંદી તથા ગુજરાતી ફિલ્મોમાં એક એકથી ચડિયાતા ગીતો આપણાં ગીતકારોએ આપ્યાં છે.



બંધા હુઆ હૈ એક ધાગે મેં ભાઈ બહેન કા પ્યાર, રાખી ધાગો કા ત્યોહાર.

બહેનાને ભાઈ કી કલાઈ સે પ્યાર બાંધા હૈ, રેશમ કી ડોર સે સંસાર બાંધા હૈ.

ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના, ભૈયા મેરે છોટી બહેન કો ના ભુલાના.

ચંદા રે મેરે ભૈયા સે કહેના, બહેના યાદ કરે.

રાખી કી લાજ નિભાને કો મેરે રાજા ભૈયા જલ્દી આના.

કહેવાય છે કે દ્રૌપદીએ ભગવાન શ્રીકૃષ્ણને રાખડી બાંધી હતી તો કુંતા માતાએ અભિમન્યુને રાખડી બાંધી હતી અને મહાભારતના યુદ્ધમાં વિજયની કામના કરી હતી. રાણી કર્માવતીએ પોતાના શીલની રક્ષાને માટે મોગલ બાદશાહ હૂમાયુંને રાખડી મોકલાવી હતી. રુક્મિણીજીએ પણ પોતાના ભાઈ રુકમીને રાખડી બાંધી હતી.આમ આપણાં ઈતિહાસ, પુરાણો તથા શાસ્ત્રોમાં પણ રાખડીનું વિશેષ મહત્વ સમજાવેલ છે. રાખડીનો મહિમા યુગો પુરાણો છે અને જ્યાં સુધી પૃથ્વી જીવંત છે ત્યાં સુધી, ભાઈ બહેનનો પવિત્ર સ્નેહ અતૂટ રહેશે અને બહેનોના વીરાને રાખડી બંધાતી રહેશે.


રક્ષાબંધનને બળેવ તથા નાળિયેરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે.બળેવના દિવસે બ્રાહ્મણો સમૂહમાં એકઠાં થઈ, નદી કિનારે સ્નાન કરી, પૂજા, અર્ચના તથા ગાયત્રી મંત્રોચ્ચાર સાથે, સૂર્યદેવની સાક્ષીમાં જૂનું યજ્ઞોપવિત કાઢી નવું યજ્ઞોપવિત ધારણ કરે છે અને બ્રહ્મભોજન કરી બધાં છૂટાં પડે છે. તો બીજી તરફ સાગરખેડૂઓ પોતાની નાવ દરિયા કિનારે લાંગરી, સાગરમાં કંકુ અને શ્રીફળ સાગરને અર્પણ કરીને સાગરદેવની પૂજા કરે છે. આમ રક્ષાબંધનનું પર્વ અનેરું અને મહત્વનું સ્થાન ધરાવે છે અને લોકો આ પર્વને હર્ષોલ્લાસથી ઉજવે છે.

**- યોગેશભાઈ આર જોશી**

# રાજકીય પક્ષોને ₹ 2,000 સુધીના રોકડ દાનની મંજૂરી સામે સુપ્રીમમાં સુનાવણી

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટ ૩૧ ઓગસ્ટના સોમવારના એક અરજી પર સુનાવણી કરશે. આ અરજીમાં રાજકીય પક્ષોને ૨,૦૦૦ રૂપિયાથી ઓછાનું રોકડ દાન લેવાની મંજૂરી આપતી ઈનકમ ટેક્સ એક્ટની માન્યતાને પડકારવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટની ૩૧ ઓગસ્ટની કોઝ લિસ્ટ અનુસાર આ અરજી ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મેહતાની ખંડપીઠ સમક્ષ સુનાવણી માટે આવશે. ગત વર્ષે ૨૪ નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટે અરજી પર સુનાવણી કરવા માટે સંમતિ વ્યક્ત કરી હતી. તેમજ આ અંગે કેન્દ્ર અને અન્યો પાસેથી જવાબ માંગ્યો હતો.



અરજીમાં જણાવાયું છે કે પારદર્શિતાનો અભાવ ચૂંટણી પ્રક્રિયાની શુદ્ધતાને નબળી પાડે છે કારણ કે તે મતદારોને રાજકીય ભંડોળના સ્ત્રોતો વિશે મહત્વપૂર્ણ માહિતીથી વંચિત રાખે છે. જેમાં દાતાઓ અને તેના હેતુઓ સામેલ છે. જેથી મતદારો મતદાન કરતી વખતે તર્કસંગત, બુદ્ધિશાળી અને માહિતી સાથે નિર્ણયો લઈ શકતા નથી.

ખેમ સિંહ ભાટી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં ચૂંટણી પંચને રાજકીય પક્ષની નોંધણી અને ચૂંટણી ચિહ્નની ફાળવણી માટે એવી શરત મૂકવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે કે કોઈપણ રાજકીય પક્ષ રોકડમાં એકેય રકમ મેળવી શકે નહીં.

આ અરજીમાં ઈનકમ ટેક્સ એક્ટ, ૧૯૬૧ની કલમ ૧૩એના ક્લોઝ(ડી)ને ગેરબંધારણીય ગણાવતા તેને રદ કરવાની માંગ કરવામાં આવી છે. જેમાં સુપ્રીમ કોર્ટના ૨૦૨૪ના એ નિર્ણયનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જેમાં ચૂંટણી બોન્ડ સ્કીમને રદ કરવામાં આવી હતી.




### 2036 ઓલિમ્પિક માટે ભારતની પ્રતિભાઓ તૈયાર કરવી મોટો લક્ષ્યાંક : માંડવિયા

# PM મોદીની યુવાનોને સ્પોર્ટ્સ માટે મોટી અપીલ: IIT ગાંધીનગરમાં 350થી વધુ યુવાનો સાથે જોડાયા




ગાંધીનગર

ગાંધીનગર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT) ખાતે 'MY Bharat' ગાંધીનગર દ્વારા 'ખેલો ઈન્ડિયા સંવાદ - ખેલ કી બાત, PM કે સાથ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 350થી વધુ યુવા ખેલાડીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જ્યારે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરના યુવાનો, રમતવીરો અને અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ સાધીને ફિટનેસને દૈનિક જીવનનો હિસ્સો બનાવવા તેમજ ભારતને વૈશ્વિક સ્તરે રમતગમતની મહાસત્તા બનાવવા માટે સક્રિય યોગદાન આપવા પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ રમતગમતને માત્ર એક ઈતર પ્રવૃત્તિ ગણવાને બદલે રાષ્ટ્રીય પ્રાથમિકતા તરીકે સ્વીકારવામાં આવી છે. વર્ષ 2023માં શરૂ કરાયેલા 'MY Bharat' પ્લેટફોર્મ સાથે આજે કરોડો યુવાનો જોડાઈને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. દેશભરની IIT, IIM, NIT અને AIIMS સહિતની સંસ્થાઓ મળીને 1500થી વધુ સ્થળોએ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ અને જોડાણ કરવામાં આવ્યું હતું. સરકારનો મુખ્ય ઉદ્દેશ વર્ષ 2036માં યોજાનાર ઓલિમ્પિક્સ રમતોત્સવ માટે ભારતની યુવા રમત પ્રતિભાઓને અત્યારથી જ વિશ્વકક્ષાનું પ્રશિક્ષણ અને પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી તૈયાર કરવાનો છે. આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા ઓલિમ્પિક મેડલ વિજેતા નિશાનેબાજ ગગન નારંગ અને આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ પેરા-આર્ચરી ખેલાડી શીતલ દેવીએ યુવાનો સાથે સીધો વાર્તાલાપ કર્યો હતો. ટોક શો સત્ર દરમિયાન બંને દિગ્ગજ ખેલાડીઓએ પોતાના જીવનના સંઘર્ષો, આકરી તાલીમ તેમજ સફળતા અને નિષ્ફળતામાંથી મેળવેલા બોધપાઠ વહેંચીને ઉપસ્થિત રમતવીરોમાં નવો ઉત્સાહ અને જોમ ભર્યા હતા.

# અંકલેશ્વર GIDC પ્લોટ ફાળવણી મુદ્દે અસંતોષ

### 2018ની અરજીઓ અંગે પુનઃ સમીક્ષાની માંગ; પારદર્શક ડ્રો પદ્ધતિથી ફાળવણી કરવા ઉદ્યોગકારોની રજૂઆત

ભરૂચ, રંગુની જાકીર




અંકલેશ્વર GIDCમાં રેસિડેન્શિયલ પ્લોટની ફાળવણી મુદ્દે સ્થાનિક ઉદ્યોગકારો અને અરજદારોમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે. વર્ષોથી પ્લોટથી વંચિત અરજદારોએ તંત્રની નીતિ સામે વિરોધ નોંધાવી GIDC અધિકારીઓને આવેદનપત્ર પાઠવ્યું છે. ઉદ્યોગકારોએ સમગ્ર ફાળવણી પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા અને જૂની અરજીઓનો ન્યાયપૂર્ણ પુનર્વિચાર કરીને ડ્રો પદ્ધતિથી પ્લોટ આપવાની માંગ કરી છે. ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ વર્ષ 2018 અને તે પહેલાં રેસિડેન્શિયલ પ્લોટ માટે અરજી કરનારા અનેક પાત્ર ઉમેદવારો આજે પણ વંચિત છે. વર્ષ 2018માં કુલ 1,518 અરજીઓ મળી હતી. તેમાંથી 1,344 અરજીઓ અમાન્ય ઠેરવાઈ હતી અને માત્ર 174 માન્ય રાખવામાં આવી હતી. બીજી તરફ GIDC પાસે 828 પ્લોટ ઉપલબ્ધ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ પરિસ્થિતિના કારણે મૂળ અરજદારોમાં ભારે રોષ ફેલાયો છે. ઉદ્યોગકારોએ GIDC કર્મચારીઓને થયેલી પ્લોટ ફાળવણીની પાત્રતા પર સવાલો ઉઠાવ્યા છે.

### ઉત્પાદન 6.5 કરોડથી ઘટીને 2.5 કરોડ મીટર થયું

# યાર્ન ઉત્પાદકોની મનમાનીથી ટેક્સટાઇલ ઉધોગ સંકટમાં

સુરત



આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ $95 સુધી પહોંચતાં સુરત સહિત સમગ્ર દેશના MMF ટેક્સટાઈલ ઉદ્યોગની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. સ્થાનિક બજારમાં તૈયાર ફેબ્રિક્સની કોઈ લેવાલી ન હોવા છતાં પોલિએસ્ટર યાર્નના ભાવમાં અચાનક મોટો ઉછાળો આવ્યો છે. યાર્ન ઉત્પાદકો દ્વારા કરાયેલા કૃત્રિમ ભાવવધારા અને કાચા માલની અછતના કારણે સુરતમાં દૈનિક 6.5 કરોડ મીટર થતું કાપડનું ઉત્પાદન ઘટીને હવે માત્ર 2.5થી 3 કરોડ મીટર જેટલું જ રહી ગયું છે. આ ગંભીર મંદી અને કટોકટી વચ્ચે ટેક્સટાઈલ ઉદ્યોગને બચાવવા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રી ગિરિરાજ સિંહ સમક્ષ પત્ર લખીને કસ્ટમ ડ્યુટીમાં તાત્કાલિક રાહત આપવાની માગ કરી છે. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોક જીરાવાલાએ પરિસ્થિતિ અંગે વિગત આપતાં જણાવ્યું કે, જ્યારથી મિડલ ઈસ્ટમાં યુદ્ધ શરૂ થયું છે, ત્યારથી આજદિન સુધીમાં યાર્નના ભાવમાં પ્રતિ કિલો 40 નો તોતિંગ વધારો ઝીંકી દેવાયો છે. ક્રૂડ, ડોલર અને રો-મટિરિયલમાં જે પ્રમાણમાં ભાવ વધ્યા છે તેના કરતાં યાર્ન ઉત્પાદકોએ ડબલ ભાવ વધાર્યા છે. યાર્ન કંપનીઓ એક કાર્ટેલ રચીને વીવિંગ ઉદ્યોગને બાનમાં લઈ રહી છે. રો-મટિરિયલ આટલું મોંઘું થવા છતાં બજારમાં તૈયાર કાપડમાં 10 નો પણ સુધારો થયો નથી, જેના પગલે વીવિંગ ઉદ્યોગકારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અશોક જીરાવાલાએ વધુમાં ઉમેર્યું હતું કે, એક બાજુ બજારમાં માલની કોઈ ખરીદી નથી અને બીજી બાજુ મશીનરી ચાલુ રાખવી વીવર્સ માટે મજબૂરી બની ગઈ છે. જો લૂમ્સના મશીનો બંધ કરવામાં આવે તો લાખો કારીગરો બેકાર થઈ જાય અને મોંઘી મશીનરીઓ પણ ખરાબ થઈ જવાનો ભય રહે છે.

આ વિષમ પરિસ્થિતિમાં જે વીવિંગ એકમોની હાલત અત્યંત ખરાબ છે અને જેમના માલનું વેચાણ અટકી ગયું છે, તેવા એકમોએ સ્વૈચ્છિક તેમજ ફરજિયાતપણે અઠવાડિયામાં 2 દિવસની રજા (પ્રોડક્શન હોલિડે) રાખવાની જાહેરાત કરી દીધી છે.

# ભાઈ-બહેનના સ્નેહના પર્વે GMCનો મોટો નિર્ણય : પાટનગરમાં તમામ રૂટ પર દોડતી ઈ-બસોમાં મહિલાઓને ટિકિટમાંથી મુક્તિ

ગાંધીનગર



ભાઈ અને બહેનના પવિત્ર પ્રેમ અને અતૂટ સ્નેહના પ્રતીક સમા રક્ષાબંધન પર્વ નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકા (GMC) દ્વારા શહેરની બહેનો માટે અત્યંત સરાહનીય અને રાહતરૂપ ભેટ જાહેર કરવામાં આવી છે. રક્ષાબંધનના પવિત્ર દિવસે બહેનો કોઈપણ પ્રકારની મુશ્કેલી કે આર્થિક બોજ વિના સરળતાથી પોતાના ભાઈના ઘરે પહોંચી શકે તે માટે પાલિકા સંચાલિત તમામ ઈ-બસ સેવાઓમાં મહિલા મુસાફરો માટે પ્રવાસ સંપૂર્ણપણે મફત (વિનામૂલ્યે) રાખવાની જાહેરાત કરવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના આ સંવેદનશીલ અને પ્રજાભિમુખ નિર્ણયથી સમગ્ર પાટનગરની મહિલાઓમાં ભારે ખુશીની લહેર જોવા મળી રહી છે.

મ્યુનિસિપલ કમિશનરના સીધા માર્ગદર્શન અને સૂચના હેઠળ લેવાયેલા આ જનહિતકારી નિર્ણય મુજબ, રક્ષાબંધનના પાવન દિવસે વહેલી સવારથી જ શહેરના તમામ નિર્ધારિત રૂટ્સ પર દોડતી તમામ ઈ-બસોમાં મહિલાઓ કોઈપણ પ્રકારનો ટિકિટ ચાર્જ ચૂકવ્યા વિના આખો દિવસ પ્રવાસ કરી શકશે. સામાન્ય રીતે તહેવારોના દિવસોમાં રસ્તાઓ પર ટ્રાફિકનું ભારે દબાણ સર્જાતું હોય છે તેમજ ઓટોરિક્ષા અને અન્ય ખાનગી વાહનોમાં મનસ્વી ભાડાવધારાના કારણે સામાન્ય નાગરિકોને ભારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં પાલિકાની આ ફ્રી બસ સેવા મહિલાઓ માટે ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થશે.

ગાંધીનગરને ગ્રીન, ક્લીન અને સ્માર્ટ સિટી બનાવવાની દિશામાં પાલિકા તંત્ર સતત અગ્રેસર રહ્યું છે. શહેરમાં દોડાવવામાં આવતી અદ્યતન ઈ-બસો પર્યાવરણને અનુકૂળ અને પ્રદૂષણમુક્ત હોવાની સાથે સાથે મહિલા મુસાફરો માટે અત્યંત આરામદાયક અને સુરક્ષિત છે.

તહેવારના દિવસે બહેનોને બસ સ્ટોપ પર લાંબો સમય રાહ ન જોવી પડે અને તેઓ સમયસર રાખડી બાંધવા પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચી શકે તે હેતુથી તમામ મુખ્ય માર્ગો પર બસોની ફ્રિક્વન્સી વધારીને નિયમિત અંતરે દોડાવવા માટેનું સઘન આયોજન ગોઠવી દેવામાં આવ્યું છે.

# જંબુસર પમ્પિંગ સ્ટેશન વાયર ચોરીનો ભેદ ઉકેલાયો:પોલીસે 80 હજારના 50 ફૂટ કોપર વાયર ચોરીમાં એક આરોપી ઝડપ્યો

ભરૂચ, રંગુની જાકીર

જંબુસર નગરપાલિકાના પમ્પિંગ સ્ટેશનમાંથી કોપર વાયર ચોરીનો ભેદ જંબુસર પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી કાઢ્યો છે. પોલીસે આ ગુનામાં એક આરોપીની ધરપકડ કરી છે અને ચોરી થયેલો મુદ્દામાલ પણ રિકવર કર્યો છે.



આ ચોરીમાં પમ્પિંગ સ્ટેશનમાંથી આશરે રૂ. 80 હજારની કિંમતના 50 ફૂટ લાંબા કોપર વાયર ચોરાયા હતા. પોલીસે કરશનસિંગ કીરપાલસિંગ સિકલીગર નામના આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


ચોરીની ઘટના બાદ જંબુસર પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. પોલીસ ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે તપાસ આગળ વધારી આરોપી સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી.

પોલીસની પૂછપરછ દરમિયાન આરોપીએ પમ્પિંગ સ્ટેશનમાંથી કોપર વાયર ચોરી કર્યાની કબૂલાત કરી હતી. આરોપીની નિશાનદેહીના આધારે પોલીસે ચોરી થયેલા કોપર વાયર સહિતનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

### ત્રણેય સભ્યોનો સંપર્ક તૂટ્યા

# નેપાળ પૂર-ભૂસ્ખલનમાં નડિયાદના 3 સભ્યો લાપતા: અમેરિકા સ્થાયી થયેલા પરિવારજનો પ્રવાસે ગયા હતા

નડિયાદ



નેપાળમાં અચાનક આવેલી કુદરતી હોનારત અને વિનાશક પૂરના કારણે નડિયાદના એક જ પરિવારના 3 લોકો લાપતા થયા છે. અમેરિકા સ્થાયી થયેલા પરિવારજનો નેપાળ પ્રવાસે ગયા હતા તે સમયે જ આ દુર્ઘટના સર્જાઈ હતી. પૂરના કારણે સંપર્કના તમામ સાધનો ઠપ થઈ જતાં અમેરિકા અને ભારત સ્થિત પરિવારજનો ભારે ચિંતામાં મુકાયા છે.

નડિયાદના દેસાઈ વગા વિસ્તારમાં આવેલા ભવાનીદાસની ખડકી ખાતે ઉમેશ ભોગીલાલ પટેલનો પરિવાર રહે છે. આ પરિવારના સભ્યો વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયા છે. તાજેતરમાં ઉમેશ ભોગીલાલ પટેલ, આકાંક્ષા ઉમેશ પટેલ અને ઈશાન પટેલ અમેરિકાથી નેપાળ ખાતે ટૂર પર ફરવા માટે ગયા હતા. નેપાળમાં અચાનક હવામાન બદલાતાં ભારે પૂર અને ભૂસ્ખલનની સ્થિતિ સર્જાઈ હતી. આ કુદરતી આપદાના કારણે પ્રવાસ પર ગયેલા ત્રણેય સભ્યો સાથેનો સંપર્ક અચાનક તૂટી ગયો હતો. લાપતા થયેલા ત્રણ સભ્યોમાંથી 2 સભ્યો યુએસએના સિટિઝન છે અને 1 સભ્ય કેનેડિયન સિટિઝનશિપ ધરાવે છે.

આ બનાવ અંગે નડિયાદ ખાતે રહેતા ઉમેશ પટેલના સાસુ રંજન પટેલ જણાવે છે કે તેમની દીકરી અને જમાઈ અમેરિકામાં સ્થાયી થયા છે. જમાઈ ઉમેશ પટેલ, દીકરી આકાંક્ષા અને ભાણો ઈશાન નેપાળ ફરવા ગયા હતા. અચાનક બનેલી ઘટનાના કારણે અમેરિકા સ્થિત દીકરીનો પણ નેપાળ ગયેલા પરિવાર સાથે સંપર્ક થઈ શક્યો નથી. હાલમાં પરિવારજનો ગમે તેમ કરીને તેમની સાથે સંપર્ક કરવા માટે પ્રયાસો કરી રહ્યા છે. નેપાળમાં પૂરના કારણે સર્જાયેલી સ્થિતિને પગલે નડિયાદ સ્થિત સ્વજનોમાં ભારે ફફડાટ અને ચિંતા વ્યાપી ગયા છે. પરિવારજનો દ્વારા સ્થાનિક તંત્ર અને વિદેશ મંત્રાલય મારફતે પણ સંપર્ક સાધવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

# ભરૂચ LCBએ અણખી ગામેથી 51 હજારનો જુગાર ઝડપ્યો : જંબુસર ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ સંદીપ રાવળ વોન્ટેડ જાહેર

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ એલસીબીએ જંબુસર તાલુકાના અણખી ગામેથી 51,000 રૂપિયાનો જુગાર ઝડપી પાડ્યો છે. આ કેસમાં ભાજપ બક્ષીપંચ મોરચાના જંબુસર ઉપપ્રમુખ સંદીપભાઈ ચંદુભાઈ રાવળ ઉર્ફે સુજાણી સહિત બે વ્યક્તિઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.




પોલીસને બાતમી મળી હતી કે અણખી ગામના તળાવની પાળે આવેલી ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે એલસીબીએ દરોડો પાડી ત્રણ જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં રાવજી ઉર્ફે રાજુ મેલા ઠાકોર, નિમેષભાઈ જસવંતભાઈ રાજ અને સમીર ઉર્ફે સેટ્ટીનો સમાવેશ થાય છે.

જ્યારે સંદીપભાઈ ચંદુભાઈ રાવળ અને અજયભાઈ નામના બે જુગારીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ સમગ્ર કેસની વધુ તપાસ વેડચ પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

### કાચા માલ, કોલસો અને વીજળીના ભાવ વધતાં નિર્ણય લેવાયો

# સુરતમાં 7 સપ્ટેમ્બરથી કાપડ પ્રોસેસિંગ મોંઘું થશે: SGTPAએ જોબ ચાર્જમાં 15%નો તોતિંગ વધારો કર્યો

સુરત

દક્ષિણ ગુજરાતના મુખ્ય આર્થિક કરોડરજ્જુ સમાન કાપડ ઉદ્યોગ પર મોંઘવારીનો મોટો બોજ આવી પડ્યો છે. સુરતના સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશન (SGTPA) દ્વારા સેમિનાર હોલ ખાતે પ્રમુખ જીતેન્દ્ર વખારિયાની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પાંડેસરા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ કમલવિજય તુલસિયાન, મિતુલ મહેતા અને નરેન્દ્ર જરીવાલા સહિત મોટી સંખ્યામાં પ્રોસેસિંગ મિલ માલિકો અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સતત વધી રહેલા ઈનપુટ ખર્ચ સામે કાપડ પ્રોસેસિંગના જોબ ચાર્જમાં 15% નો વધારો કરવાનો સર્વાનુમતે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી વૈશ્વિક અને સ્થાનિક બજારમાં કોલસો, કલર-કેમિકલ્સ, મજૂરી ખર્ચ, વીજળી તેમજ જરૂરી કાચા માલના ભાવોમાં સતત તોતિંગ વધારો નોંધાઈ રહ્યો છે. આ તમામ પરિબળોના કારણે ટેક્સટાઈલ પ્રોસેસિંગ ઉદ્યોગનો એકંદર ઉત્પાદન ખર્ચ અસહ્ય રીતે વધી ગયો છે. વર્તમાન આર્થિક સંજોગોમાં જૂના દરોથી મિલો



ચલાવવી, વધતા જતા નુકસાનને પહોંચી વળવું અને વેપાર-ધંધાને જીવંત રાખવો પ્રોસેસર્સ માટે અત્યંત મુશ્કેલ બની જતાં બેઠકમાં આ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. તમામ પ્રોસેસર્સના વિસ્તૃત અભિપ્રાયો અને ઉદ્યોગની ગંભીર આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બેઠકમાં કાપડ પ્રોસેસિંગના વર્તમાન જોબ ચાર્જમાં 15% નો વધારો કરવાનો આખરી ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ સુધારેલો નવો દર આગામી 7 સપ્ટેમ્બર 2026 થી રવાનગી થતાં તમામ પ્રકારના કાપડ માલ પર તમામ પ્રોસેસિંગ એકમોમાં ફરજિયાતપણે અમલમાં મૂકવામાં આવશે.

# ગડખોલ સરપંચ મંજુલાબેન પટેલ ફરી સસ્પેન્ડ:નાણાકીય ગેરરીતિના આક્ષેપ બદલ DDOનો હુકમ

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર તાલુકાની ગડખોલ ગ્રામ પંચાયતના સરપંચ મંજુલાબેન પટેલને નાણાકીય ગેરરીતિના આક્ષેપો બદલ ફરીથી હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા છે. જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસેએ આ અંગેનો હુકમ કર્યો છે, જેનાથી સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગડખોલ ગ્રામ પંચાયતમાં નાણાકીય ગેરરીતિના આક્ષેપોને પગલે અગાઉ પણ સરપંચ મંજુલાબેન પટેલ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તેમને સરપંચ પદેથી દૂર કરી ડેપ્યુટી સરપંચને ચાર્જ સોંપવામાં આવ્યો હતો. આ નિર્ણય સામે સરપંચે હાઈકોર્ટમાં અપીલ કરી હતી.

હાલમાં, જિલ્લા વિકાસ અધિકારીએ અગાઉના હુકમને કાયમ રાખીને મંજુલાબેન પટેલને સરપંચ પદેથી દૂર કરવાનો નિર્ણય લીધો છે. ગ્રામ પંચાયતનો વહીવટી ચાર્જ ડેપ્યુટી સરપંચને સોંપવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી ગડખોલ ગ્રામ પંચાયતમાં ફરી એકવાર રાજકીય ચર્ચાઓ તેજ બની છે.

# વહિયાલ ગામે દારૂના અડ્ડા પર વાગરા પોલીસનો છાપો, બુટલેગરોમાં ફફડાટ

### વિદેશી દારૂ સહિત રૂ.1.56 લાખનો મુદ્દામાલ કબજે; એક ઝડપાયો, એક વોન્ટેડ

ભરૂચ, રંગુની જાકીર



વાગરા પોલીસે બાતમીના આધારે વહિયાલ ગામે વિદેશી દારૂની હેરાફેરી સામે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે દરોડો પાડી વિદેશી દારૂના જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડ્યો હતો, જ્યારે એક શખ્સને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસની કાર્યવાહીમાં ઝડપાયેલા ભાવિન શાંતિલાલ વસાવા, રહે. વહિયાલ, પાસેથી પરપ્રાંતની ભારતીય બનાવટની વિદેશી દારૂની પાર્ટી સ્પેશિયલ તથા રોયલ બ્લ્યુ માલ્ટ વિસ્કી બ્રાન્ડની ૧૮૦ એમ.એલ.ની બોટલો તેમજ કિંગફિશર સ્ટ્રોંગ પ્રીમિયર બિયરના ૫૦૦ એમ.એલ.ના ટીન મળી આવ્યા હતા. પોલીસે દારૂનો જથ્થો કબજે કરી આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉપરાંત, દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાતી બજાજ પ્લેટિના મોટરસાયકલ તેમજ આઈફોન ૧૬ પ્રો મેક્સ મોબાઈલ ફોન પણ પોલીસે કબજે કર્યો હતો. વાગરા પોલીસે દારૂ સહિત કુલ રૂ. ૧,૫૬,૧૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે આ કેસમાં દારૂની હેરાફેરી સાથે સંકળાયેલા હોવાનું સામે આવેલા દિપક ઠાકોર, રહે. ઉમજ, તા. કરજણ, જી. વડોદરાને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, કોને પહોંચાડવાનો હતો અને સમગ્ર હેરાફેરીના નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંકળાયેલા છે તે અંગે વાગરા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. પોલીસની આ કાર્યવાહીને પગલે વિસ્તારમાં ગેરકાયદેસર દારૂના ધંધા સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.



### હોટ સીન કિયારાએ આપ્યા છે.ટ્રોલર્સ ટાર્ગેટ મેલિસા પર કરી રહ્યા છે

# ફિલ્મ ટોક્સિકના એક સીનને લઈ રુકમણી વસંત પર ભડક્યા ફેન્સ

મુંબઈ

સાઉથના સુપરસ્ટાર યશની મચઅવેઈટેડ ફિલ્મ 'ટોક્સિક' રિલીઝ થઈ ગઈ છે. ફિલ્મમાં યશની એન્ટ્રીના જોરશોરથી વખાણ થઈ રહ્યા છે. કેટલાક બોલ્ડ સીનમાં કિયારાને પણ ચર્ચા થઈ રહી છે. રૂકમણી વસંતે 'મેલિસા'નો રોલ પ્લે કર્યો છે. આ રોલને સૌથી મહત્ત્વનો રોલ માનવામાં આવે છે. હવે ફિલ્મ રિલીઝ થવાની સાથે જ રૂકમણી પોતાના પાત્રને લઈ નહીં પણ પોતાના એક વિવાદિત સીનને લઈને ચર્ચામાં છે.હકીકત એવી પણ છે કે, આનાથી વધારે હોટ સીન કિયારાએ આપ્યા છે.ટ્રોલર્સ ટાર્ગેટ મેલિસા પર કરી રહ્યા છે. ફિલ્મમાં રૂકમણી વસંતનો એક ખાસ સીન છે જે ઈન્ટરનેટ પર સૌથી વધારે વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં તે ઊંઘમાંથી ઊભી થઈ રહી છે અને પોતાના શરીર પર માત્ર એક બ્લેંકટ જ ઓઢેલું છે. એ ખૂબ ગભરાઈ ગયેલી છે. પદડા પર આ પ્રકારના બોલ્ડ અને અસહજ સીન જોઈને ફેન્સ ચોંકી ગયા હતા. ફિલ્મ ખાસ કોઈ વકરો કરે અને ચર્ચામાં આવે એ પહેલા આ સીન ચર્ચાનું કેન્દ્ર બની ગયો હતો. એક્ટ્રેસને પણ ટીકાનો ભોગ બનવું પડ્યું હતું.

સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિક્રિયા જોવા મળી હતી. રૂક્મણીના ફેન્સ કહે છે કે, આ સીનથી તેઓ ખૂબ નિરાશ થયા છે. રૂક્મણીને આ પ્રકારના રોલમાં અને આવું પ્લે કરવાની કલ્પના ક્યારેય કરી ન હતી. યુઝર એક્ટ્રેસને કોમેન્ટમાં સવાલ કરી રહ્યા છે કે, આ પ્રકારની સ્ક્રિપ્ટની પસંદગી જ શા માટે કરી? કેટલાક લોકો આને ક્રિએટિવ અને વાર્તાનો ભાગ ગણાવી રહ્યા છે. આ સીનથી માત્ર એક્ટ્રેસ રૂક્મણી જ નહીં પણ મેકર્સની વિચારધારા ઉપર પણ સવાલ ઊઠી રહ્યા છે. ઘણા સિનેમાપ્રેમી એવું પણ કહે છે કે, આ સીન ન હોત તો પણ સ્ટોરી ચાલી જાય એમ હતી. આવા સીનથી એક્ટ્રેસના પાત્રને ખાસ કોઈ પ્રકારની મજબૂતી મળતી નથી. સોશિયલ મીડિયા પર ટ્રોલિંગ અને વાયરલ થવા પર મેકર્સ તરફથી ખાસ કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી. સોશિયલ મીડિયા પર આ પોસ્ટને લઈને ચર્ચા થઈ રહી છે. બીજી એકવાત એવી પણ છે કે, કિયારાએ આપેલા બોલ્ડ સીનને લઈને ચર્ચા શરૂ થઈ છે. કિયારાએ આ પ્રકારના સીન અત્યાર સુધીમાં પહેલીવાર આપ્યા હોય એવું લાગી રહ્યું છે, જોકે લસ્ટસ્ટોરી જેવી સિરીઝમાં પણ તેના કેટલાક એવા સીન રહ્યા હતા.

**ફિલ્મમાં રૂક્મણી વસંતનો એક ખાસ સીન છે જે ઈન્ટરનેટ પર સૌથી વધારે વાયરલ થઈ રહ્યો છે**

# સલમાનને ધમકીના કેસમાં નકલી કાવતરાનો પર્દાફાશ

### આરોપીએ ફેક વોટ્સએપ ચેટ બનાવી ગેંગસ્ટરનો માણસ હોવાનું જણાવ્યું; એક્ટર પાસેથી પૈસા માંગ્યા



મુંબઈ

મુંબઈ પોલીસે એક્ટર સલમાન ખાનને આપવામાં આવેલી ખંડણીની ધમકીના મામલામાં નકલી ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપીએ કોઈ ગેંગસ્ટર ગેંગના નામે ખોટી વોટ્સએપ ચેટ અને નકલી ઓળખ બનાવી હતી, જેથી સલમાન ખાન પાસેથી પૈસા પડાવી શકાય. આરોપી દ્વારા કરવામાં આવેલા દાવાઓ અને સીસીટીવી ફૂટેજમાં તફાવત મળ્યા બાદ પોલીસે સઘન પૂછપરછ કરી, જેમાં તેણે આખી વાર્તા બનાવવાની વાત કબૂલી લીધી છે. આ માહિતી ન્યૂઝ એજન્સી IANSના રિપોર્ટમાંથી સામે આવી છે. બાંદ્રા સી-ફ્રન્ટ પરથી જપ્ત કરાયા બે મોબાઈલ પોલીસ પૂછપરછમાં આરોપીએ જણાવ્યું કે તેણે ઈલેક્ટ્રોનિક રીતોનો ઉપયોગ કરીને નકલી વોટ્સએપ ચેટ્સ તૈયાર કરી હતી. તેણે ડરાવવાના ઈરાદે પોતાને કોઈ ગેંગસ્ટર ગેંગનો હિસ્સો દર્શાવ્યો હતો.


આરોપીની નિશાનદેહી પર પોલીસે બાંદ્રા સી-ફ્રન્ટ નજીક છુપાવેલા બે મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. આ ઉપરાંત સાક્ષીઓની હાજરીમાં નકલી વોટ્સએપ ચેટના સ્ક્રીનશોટ પણ જપ્ત કરવામાં આવ્યા છે. ગયા વર્ષે એપ્રિલમાં મળી હતી હત્યાની ધમકી સલમાન ખાનને ગયા વર્ષે એપ્રિલમાં જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. મુંબઈના વર્લી સ્થિત ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટમાં એક અજાણ્યા શખ્સે વોટ્સએપ મેસેજ કરીને સલમાન ખાનની કારને બોમ્બથી ઉડાવી દેવાની વાત કહી હતી. મોડી રાત્રે મોકલવામાં આવેલા આ મેસેજમાં લખ્યું હતું- 'અમે સલમાન ખાનને ઘરમાં ઘૂસીને મારીશું.' પોલીસે આ મામલે ગુજરાતમાંથી એક આરોપીની ધરપકડ કરી હતી.

# 'ટોક્સિક' ફિલ્મે બોક્સ ઓફિસ પર પ્રથમ દિવસે રચ્યો ઇતિહાસ

### ફિલ્મે ભારતમાં રૂપિયા 100 કરોડ નેટ અને વિશ્વભરમાં રૂપિયા 140 કરોડ ગ્રોસનો આંકડો પાર કરી લીધો છે

મુંબઈ

સુપરસ્ટાર યશની બહુપ્રતિક્ષિત એક્શન-ડ્રામા ફિલ્મ 'ટોક્સિક'એ સિનેમાઘરોમાં રિલીઝ થતાં જ કમાણીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ગીતૂ મોહનદાસના નિર્દેશનમાં બનેલી આ 'A' સર્ટીફિકેટ ધરાવતી ફિલ્મે તમામ અંદાજોને ખોટા સાબિત કરી દીધા છે. રિલીઝ પહેલાં એવું અનુમાન હતું કે ફિલ્મ ભારતમાં રૂપિયા 80થી રૂપિયા 85 કરોડ અને વર્લ્ડવાઇડ રૂપિયા 110 કરોડ ગ્રોસ કમાશે. પરંતુ કમાણીના આંકડા સામે આવતા ફિલ્મે ભારતમાં રૂપિયા 100 કરોડ નેટ અને વિશ્વભરમાં રૂપિયા 140 કરોડ ગ્રોસનો આંકડો પાર કરી લીધો છે. આ ફિલ્મે ભારતમાં પહેલા દિવસે રૂપિયા 101 કરોડ નેટનું શાનદાર કલેક્શન કર્યું છે. હિંદી ભાષામાં રૂપિયા 55 કરોડ નેટ કમાણી કરી છે. આ સાથે મૂળ ભાષા કન્નડમાં રૂપિયા 25 કરોડનો વેપાર કર્યો છે. આ ઓપનિંગ સાથે 'ટોક્સિક' આ વર્ષની બીજી સૌથી મોટી ડોમેસ્ટિક ઓપનર બની ગઈ છે. તે માત્ર 'ધુરંધર 2' ના રૂપિયા 103 કરોડના રેકોર્ડથી થોડી પાછળ રહી ગઈ છે. વિદેશી માર્કેટમાં 'ટોક્સિક'નું કલેક્શન થોડું મર્યાદિત રહ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાંથી ફિલ્મે પહેલા દિવસે અંદાજે રૂપિયા 17 કરોડ આસપાસની કમાણી કરી છે. છતાં ભારતીય બજારના મજબૂત પર્ફોર્મન્સના દ્રષ્ટિએ વર્લ્ડવાઇડ કલેક્શન રૂપિયા 140 કરોડ ગ્રોસ સુધી પહોંચી ગયું છે. આ કન્નડ સિનેમાના ઈતિહાસની બીજી સૌથી મોટી ઓપનિંગ છે.આ સાથે 'ટોક્સિક' ભારતીય સિનેમાની ઓલ-ટાઈમ ટોપ-15 સૌથી મોટી ઓપનિંગ આપનારી ફિલ્મોની યાદીમાં સામેલ થઈ ગઈ છે. ફિલ્મે પહેલા દિવસના ગ્લોબલ કલેક્શનમાં 'પઠાણ' (રૂપિયા 104 કરોડ), 'એનિમલ' (રૂપિયા 116 કરોડ), 'આદિપુરુષ' (રૂપિયા 127 કરોડ) અને 'જવાન' (રૂપિયા 129 કરોડ) જેવી બ્લોકબસ્ટર ફિલ્મોને પાછળ છોડી દીધી છે. જોકે, તે યશની જ 'KGF ચેપ્ટર 2' (રૂપિયા 164 કરોડ) અને આ વર્ષની 'ધુરંધર 2' (રૂપિયા 205 કરોડ) ના રેકોર્ડને તોડવામાં નિષ્ફળ રહી છે.






# ક્રિતી સેનનના એડ વિવાદમાં હવે સોનું નિગમનું નામ બહાર આવ્યું

### સોનુ નિગમે સ્પષ્ટતા કરી હતી કે, હું ટ્વિટર પર છું જ નહીં. ઓફિશિયલ એકાઉન્ટ માની લેવું અને એના આધારે ન્યૂઝ ચલાવી દેવા એ યોગ્ય નથી

મુંબઈ

એક્ટ્રેસ ક્રિતી સેનનની રક્ષાબંધન સંબંધિત એડને લઈને વિવાદ વકર્યો છે. ખાસ કરીને એના આઉટફીટ પર લોકો કોમેન્ટ કરી રહ્યા છે. કંગના રણૌતે એના પર કોમેન્ટ કર્યા બાદ વાવડ એવા વહેતા થયા હતા કે, સોનુ નિગમે પણ એના કપડાને લઈને કોમેન્ટ કરી હતી. પણ આ વિવાદમાં ખોટી વાતનું ખંડન કરતા જાણીતા ગાયક સોનુ નિગમે કહ્યું હતું કે, આ સાચું નથી. સોનુએ એક મીડિયા રિપોર્ટનો સ્ક્રિનશૉટ શૅર કરતા સ્પષ્ટ કર્યું હતું કે, આ અંગે મેં કોઈ જ પ્રકારની પ્રતિક્રિયા આપી નથી. હકીકત એવી છે કે, એક મીડિયા હાઉસે સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે, સોનુ નિગમે હિન્દુ ધર્મ તથા ધૈર્યને લઈને ટિપ્પણી કરી છે. પણ સોનુએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શૅર કરીને મીડિયાને આકરા શબ્દોમાં ટકોર કરી છે. એવી પણ સ્પષ્ટતા કરી છે કે, આવું કોઈ નિવેદન મારૂ નથી. ખોટી પોસ્ટના આધાર પર ન્યૂઝ ચલાવી દેતા સોનુએ આવા બેજવાબદાર મીડિયા સામે ભડાશ કાઢી હતી. સમગ્ર વિવાદ એ સમયે શરૂ થયો જ્યારે મીડિયા પબ્લિકેશને એક ન્યૂઝ શૅર કર્યા. જેના હેડિંગમાં લખ્યું હતું કે હિન્દુ સહિષ્ણું છે અને એના ધૈર્યની પરીક્ષા ન લો. કૃતિ સેનન એડ વિવાદ પર સોનુ નિગમ.આ ન્યૂઝ સામે આવતા સોનુએ પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા પરથી નારાજગી વ્યક્ત કરી હતી. સોનુએ લખ્યું કે, આ હું નથી અને આવું નિવેદન મેં ક્યારેય આપ્યું નથી.જાગો મીડિયા જાગો. જે નિવેદનને લઈ સોનુ નિગમનું હોવાનું માની લેવામાં આવ્યું, હકીકતમાં એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર બનાવેલુ એક પેરોડી અથવા નકલી એકાઉન્ટ હતું. જે સોનુ નામથી ચાલતું હતું. આ એકાઉન્ટ પરથી આ સ્ટેટમેન્ટ પોસ્ટ કરવામાં આવ્યું હતું. સોનુ નિગમે સ્પષ્ટતા કરી હતી કે, હું ટ્વિટર પર છું જ નહીં. વગર હકીકત જાણ્યે ખોટા એકાઉન્ટ પરથી કરાયેલા ટ્વિટને એનુ ઓફિશિયલ એકાઉન્ટ માની લેવું અને એના આધારે ન્યૂઝ ચલાવી દેવા એ યોગ્ય નથી.

# તિબેટના ફ્લેશ ફ્લડ વચ્ચે માનસી પારેખ સુરક્ષિત, હોટલમાંથી અપડેટ આપતા કહ્યું- જીવન અનિશ્ચિત છે

મુંબઈ

તિબેટ-નેપાળ સરહદ નજીક ગ્યિરોંગ વિસ્તારમાં આવેલા ભયાનક ફ્લેશ ફ્લડના કારણે કૈલાસ-માનસરોવર યાત્રા પર ગયેલા અનેક યાત્રાળુઓની સુરક્ષાને લઈને ચિંતા વધી હતી. આ દરમિયાન નેશનલ એવોર્ડ વિજેતા ગુજરાતી અભિનેત્રી માનસી પારેખ પણ કૈલાસ યાત્રા માટે ચીનમાં હોવાથી તેના ચાહકોમાં ચિંતા જોવા મળી હતી. માનસીએ ઈન્સ્ટાગ્રામ પર આપી સુરક્ષાની માહિતી માનસી પારેખે 26 ઓગસ્ટે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા જણાવ્યું હતું કે તે સુરક્ષિત છે. તેણે જણાવ્યું કે હાલ તે ચીનની એક હોટલમાં સદગુરુ સાથે રોકાઈ છે અને



ચીન સરકાર તરફથી આગળની સૂચનાની રાહ જોવામાં આવી રહી છે. માનસીએ અસરગ્રસ્ત લોકો માટે પ્રાર્થના કરવાની અપીલ પણ કરી હતી. માનસીએ પોતાની પોસ્ટમાં આ દુર્ઘટનાને હૃદયદ્રાવક ગણાવી હતી. તેણે લખ્યું કે જીવન કેટલું અનિશ્ચિત છે તેનો આ ઘટનાએ ફરી અહેસાસ કરાવ્યો છે.

ઈશા ફાઉન્ડેશને પણ પોતાના યાત્રાળુઓને સુરક્ષિત રીતે ઘરે પરત લાવવા અને પૂરથી અસરગ્રસ્ત લોકો અંગે માહિતી મેળવવા પ્રયાસ કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. તિબેટના ગ્યિરોંગ વિસ્તારમાં આવેલા અચાનક પૂરના કારણે ઈમિગ્રેશન સેન્ટર સહિત આસપાસના વિસ્તારોને ભારે અસર થઈ છે. સદગુરુએ આપેલી માહિતી પ્રમાણે ફ્લેશ ફ્લડ આવ્યો ત્યારે એક યાત્રાળુ જૂથના 77 લોકો ગ્યિરોંગ ઈમિગ્રેશન ઓફિસ ખાતે હતા અને ત્યારબાદ તેમની સ્થિતિ અંગે અનિશ્ચિતતા સર્જાઈ હતી. શોધ અને બચાવ કામગીરી ચાલુ છે. આ વિનાશક પૂર હિમાલય વિસ્તારમાં ગ્લેશિયરનો એક ભાગ તૂટી પડ્યા બાદ સર્જાયેલા પાણી, બરફ, પથ્થરો અને કાટમાળના પ્રચંડ પ્રવાહ સાથે જોડાયેલો હોવાનું પ્રાથમિક વૈજ્ઞાનિક વિશ્લેષણમાં સામે આવ્યું છે. પૂરથી નેપાળ અને તિબેટના સરહદી વિસ્તારોમાં ભારે જાનમાલનું નુકસાન થયું છે. માનસી પારેખ સુરક્ષિત હોવાની માહિતી સામે આવ્યા બાદ તેના ચાહકોને મોટી રાહત મળી છે.

પાક્કો ગુજરાત

શુક્રવાર | 28 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### શ્રીલંકાએ લડત બતાવતા ફોલોઓન રમ્યા છતાં મેચ ડ્રો કરાવી, સોનલ દિનુષાની બન્ને ઇનિંગમાં સદી; ઈન્ડિયાએ 1-0થી સિરીઝ જીતી

# બીજી ટેસ્ટમાં ભારતે 'જીતેલી' બાજી ગુમાવી

કોલંબો

શ્રીલંકાએ ફોલોઓન રમવા છતાં ભારત સામેની બીજી ટેસ્ટ મેચ ડ્રો કરાવી લીધી છે. આ રીતે ભારતે બે ટેસ્ટ મેચની સિરીઝ 1-0થી જીતી લીધી છે. ભારતે ગૉલમાં યોજાયેલી પહેલી ટેસ્ટ મેચ 165 રનથી જીતી હતી.

કોલંબોમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચનો હિરો શ્રીલંકાનો મિડલ ઓર્ડર બેટર સોનલ દિનુષા રહ્યો. તેણે શ્રીલંકાની બંને ઈનિંગ્સમાં સદી ફટકારી. પ્રથમ ઈનિંગ્સમાં 103 રન બનાવનારા સોનલ દિનુષાએ બીજી ઈનિંગ્સમાં પણ નોટઆઉટ 133 રન બનાવ્યા. દિનુષાની સદીની મદદથી શ્રીલંકાએ છેલ્લા દિવસે પોતાની બીજી ઈનિંગ્સમાં 9 વિકેટ પર 429 રન બનાવી લીધા. શ્રીલંકાની




સરસાઈ 216 રનની થઈ ગઈ હતી અને મેચમાં માત્ર 17 ઓવર બાકી હતી. ત્યારે બંને ટીમે પરસ્પર સંમતિથી ટેસ્ટ ડ્રો કરાવી લીધી. ચોથા દિવસના સ્ટમ્પ્સ સુધી શ્રીલંકાએ બીજી ઈનિંગ્સમાં 6 વિકેટ પર 229 રન બનાવ્યા હતા. ત્યારે શ્રીલંકા પાસે માત્ર 16 રનની લીડ હતી. છેલ્લા દિવસે 81.2 ઓવરની રમતમાં ભારતીય બોલરો માત્ર 3 વિકેટ જ લઈ શક્યા. શ્રીલંકાએ આ દરમિયાન વધુ 200 રન ઉમેર્યા. ભારતે 213 રનની લીડ મેળવી હતી. આ પહેલા ભારતે આ ટેસ્ટ મેચમાં ટૉસ જીતીને પહેલા બેટિંગ કરતા 503/9ના સ્કોર પર ઈનિંગ્સ ડિકલેર કરી હતી. જવાબમાં શ્રીલંકાની પ્રથમ ઈનિંગ્સ 290 રન પર સમેટાઈ ગઈ. ભારતને 213 રનની સરસાઈ મળી અને કેપ્ટન શુભમન ગિલે શ્રીલંકાને ફોલોઓન રમવા કહ્યું. ટેસ્ટ ક્રિકેટમાં પહેલા બેટિંગ કરનારી ટીમ જો 200 કે તેથી વધુ રનની લીડ મેળવે છે તો તે સામેની ટીમને ફોલોઓન રમવા માટે મજબૂર કરી શકે છે. 154 ઓવર પછી બન્ને ટીમના કેપ્ટનોએ હાથ મિલાવ્યા. SLના સોનલ દિનુષાએ 133 રનની નોટઆઉટ ઈનિંગ રમી.

## રાજકોટમાં રમતા જોવા મળશે સેહવાગ-દ્રવિડની જોડી

નવી દિલ્હી

પૂર્વ ભારતીય ઓપનર વીરેન્દ્ર સેહવાગના પુત્ર આર્યવીરને પહેલીવાર ભારતની અંડર-19 ટીમમાં પસંદ કર્યો છે. તેને ઓસ્ટ્રેલિયા સામે રમાનારી ત્રણ વન-ડે મેચની સિરીઝ માટે ટીમમાં સ્થાન મળ્યું છે. ત્રણેય મેચ સપ્ટેમ્બરમાં રાજકોટમાં રમાશે. આર્યવીર રાઈટ-હેન્ડેડ બેટર છે અને હાલમાં દિલ્હી પ્રીમિયર લીગમાં વેસ્ટ દિલ્હી લાયન્સ તરફથી રમી રહ્યો છે. આર્યવીરની સાથે રાહુલ દ્રવિડના પુત્ર અન્વય દ્રવિડને પણ વન-ડે ટીમમાં સામેલ કર્યો છે. અન્વય વિકેટકીપર-બેટર છે અને શ્રીલંકા પ્રવાસ પર ભારતની U-19 ટીમ માટે 87 રનની ઈનિંગ રમી ચૂક્યો છે. જોકે, આર્યવીર અને અન્વય બંનેને ઓસ્ટ્રેલિયા સામે રમાનારી બે મલ્ટી-ડે મેચની ટીમમાં સ્થાન મળ્યું નથી. આર્યવીર સેહવાગે તાજેતરમાં દિલ્હી પ્રીમિયર લીગની 2026 સીઝનમાં વેસ્ટ દિલ્હી લાયન્સ માટે રમ્યો છે. તે આ પહેલા 2024માં કૂચ બિહાર ટ્રોફીમાં મોટી ઈનિંગ રમીને ચર્ચામાં આવ્યો હતો. તેણે મેઘાલય સામે 297 રન બનાવ્યા હતા. ભારત અને ઓસ્ટ્રેલિયાની U-19 ટીમ વચ્ચે ત્રણ વન-ડે મેચ રમાશે. ત્રણેય મેચ રાજકોટમાં રમાશે. ત્રણેય મેચ સવારે 9 વાગ્યે શરૂ થશે. ઓસ્ટ્રેલિયા સામે રમાનારી U-19 મેચમાં ગુજરાતના બે ખેલાડીઓનો પણ સમાવેશ થયો છે.

### આબિદ મુશ્તાકે 9 વિકેટ લીધી

## દુલીપ ટ્રોફી- વેસ્ટ ઝોનને હરાવીને નોર્થ ઝોન સેમિફાઇનલમાં

નવી દિલ્હી

નોર્થ ઝોને વેસ્ટ ઝોનને 52 રનથી હરાવીને ુલીપ ટ્રોફીની સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું. બેંગલુરુમાં 287 રનને ચેઝ કરી રહેલી વેસ્ટ ઝોનની ટીમ ચોથા દિવસે 234 રન પર ઓલઆઉટ થઈ ગઈ.

આબિદ મુશ્તાકે મેચમાં 9 વિકેટ લીધી. વેસ્ટ ઝોનના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડનું રનઆઉટ મેચનો ટર્નિંગ પોઈન્ટ રહ્યું. નોર્થ ઝોન હવે 30 ઓગસ્ટથી સાઉથ ઝોન સામે સેમિફાઈનલ રમશે. છેલ્લા દિવસે 6.3 ઓવરમાં સમેટાઈ વેસ્ટ ઝોન વેસ્ટ ઝોને ચોથા દિવસે 7 વિકેટે 220 રનથી આગળ રમવાનું શરૂ કર્યું



હતું. ટીમને જીતવા માટે 67 રન જોઈતા હતા, પરંતુ આબિદ મુશ્તાક અને નિશાંત સિંધુએ 6.3 ઓવરમાં બાકીની ત્રણ વિકેટ ઝડપી લીધી. મુશ્તાકે બીજી ઈનિંગ્સમાં 22 ઓવરમાં 60 રન આપીને 4 વિકેટ લીધી. મેચમાં તેના 9/99ના પ્રદર્શન માટે તેમને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કર્યો. ગાયકવાડ અને મુશીર વચ્ચે સદીની ભાગીદારી વેસ્ટ ઝોન એક સમયે 3 વિકેટે 195 રન બનાવીને મજબૂત સ્થિતિમાં હતો. ગાયકવાડ અને મુશીર ખાન વચ્ચે 111 રનની ભાગીદારી થઈ ચૂકી હતી અને ટીમને જીત માટે 92 રન જોઈતા હતા. ગાયકવાડ 66 રન બનાવીને રનઆઉટ થયો. આ પછી વેસ્ટ ઝોને 25 રનની અંદર ગાયકવાડ અને મુશીર સહિત 4 વિકેટ ગુમાવી દીધી. મુશીર 96 રન બનાવીને સદીથી ચૂકી ગયો. નોર્થ ઝોને પહેલી ઈનિંગ્સમાં 251 રન બનાવ્યા હતા. ત્યારબાદ બીજી ઈનિંગ્સમાં 222 રન બનાવીને વેસ્ટ ઝોન સામે 287 રનનો ટાર્ગેટ મૂક્યો હતો.

## ઓલિમ્પિકમાં ભારતની ભાગીદારી વધારવી પડશે: PM

### ખેલો ઇન્ડિયા ડાયલોગમાં PMએ કહ્યું - યુવાનોને સ્ક્રીન કરતાં વધુ પ્લેગ્રાઉન્ડ જોઈએ

મુંબઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે 1,500થી વધુ સ્થળોએ યુવાનો અને ખેલાડીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કર્યો. તેમણે કહ્યું કે મેં 15 ઓગસ્ટે દેશ સમક્ષ સ્પોર્ટ્સ વિઝન રજૂ કર્યું હતું.

આ માત્ર મેડલ જીતવા પૂરતું મર્યાદીત નથી, પરંતુ વિકસિત ભારતનું નિર્માણ કરવા અને દેશની રમતગમત શક્તિ વધારવાનું અભિયાન છે. તેમણે કહ્યું કે ઓલિમ્પિકમાં 20થી વધુ રમતોમાં ભારતની ભાગીદારી રહી નથી. ઓલિમ્પિકમાં ભારતની ભાગીદારી વધારવી પડશે. પીએમએ કહ્યું - હું હંમેશા કહું છું - જે ખેલે, તે ખીલે. રમત માત્ર મેદાનમાં જીતવાનું નામ નથી,



પરંતુ વ્યક્તિત્વને નિખારવાનું અને દેશનું ગૌરવ વધારવાનું માધ્યમ છે. ખેલાડીઓના નામથી જ તેમના રાજ્ય અને શહેરની ઓળખ થાય છે. પીએમએ આ સાથે જ સૌને રાષ્ટ્રીય ખેલ દિવસની શુભેચ્છાઓ પણ પાઠવી. નેશનલ સ્પોર્ટ્સ ડે અને મેજર ધ્યાનચંદ પર- 29 ઓગસ્ટના રોજ નેશનલ સ્પોર્ટ્સ ડે ઉજવવામાં આવે છે. આ મહાન હોકી ખેલાડી મેજર ધ્યાનચંદને યાદ કરવાનો દિવસ છે. લગભગ 100 વર્ષ પહેલા ભારતીય સેનાની હોકી ટીમ ન્યુઝીલેન્ડ ગઈ હતી, જેમાં ધ્યાનચંદ પણ સામેલ હતા. તેમના દ્વારા સ્થાપિત ભારત-ન્યુઝીલેન્ડ સંબંધોને આજે વધુ મજબૂત કરવામાં આવી રહ્યા છે. ઓલિમ્પિકમાં નવી રમતો પર- દેશના દરેક જિલ્લામાં રમતગમતની પ્રતિભાઓની કોઈ કમી નથી. ઓલિમ્પિકમાં ભારત ઘણી રમતોમાં ભાગ જ નથી લેતું. 20 થી વધુ રમતોમાં આપણી ભાગીદારી રહી નથી, જ્યારે બીજા દેશો તેમાં મેડલ જીતી રહ્યા છે. ભારતને નવી રમતોમાં પણ સિદ્ધિ મેળવવી પડશે. સર્ફિંગ તેનું ઉદાહરણ છે. લાંબી દરિયાઈ તટરેખા હોવા છતાં ભારત સર્ફિંગમાં હજુ દુનિયામાં દેખાતું નથી. આવી સંભાવનાઓને ઓળખવી જરૂરી છે. 2036 ઓલિમ્પિક્સ માટેની તૈયારી પર- 2036 ઓલિમ્પિક્સ માટે અત્યારથી જ ખેલાડીઓને તૈયાર કરવા પડશે. આ માટે 5 વર્ષની ઉંમરથી ટેલેન્ટ હન્ટ દ્વારા બાળકોની રમતગમતનું ટેલેન્ટ ઓળખવામાં આવશે અને તેમને તે જ રમતની ટ્રેનિંગ આપવામાં આવશે. સરકાર ખેલાડીઓને દરેક જરૂરી મદદ આપશે. કે સરકાર ખેલાડીઓ સાથે ખભે ખભો મિલાવીને આગળ વધશે. ખેલો ઇન્ડિયા સંવાદ પર- સરકાર 21મી સદીનું મજબૂત સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ બનાવવા માટે પ્રતિબદ્ધ છે.



### રિટેલ અને ઓનલાઈન પ્લેટફોર્મ્સે લિમિટ નક્કી કરી

## બ્લિંકિટ-સ્વિગી, ડીમાર્ટથી 5 કિલોથી વધુ ખાંડ નહીં મળે

મુંબઈ

બ્લિંકિટ, ઝેપ્ટો જેવી ક્વિક-કોમર્સ એપ્સ પરથી હવે ગ્રાહકો એક વખતમાં 2 થી 5 કિલો સુધી જ ખાંડ ખરીદી શકશે. દેશમાં તહેવારોની સિઝન શરૂ થવાના બરાબર પહેલાં ખાંડનો પુરવઠો ઘટવા અને કિંમતોમાં અચાનક આવેલા ઉછાળા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગ્રાહક બાબતોના વિભાગ અનુસાર, 26 ઓગસ્ટે દેશમાં ખાંડની સરેરાશ છૂટક કિંમત 65.05 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ છે. માત્ર એક મહિના પહેલા 26 જુલાઈએ તે 48 રૂપિયા પ્રતિ કિલો હતી. એટલે કે 30 દિવસમાં ખાંડ 35.5% મોંઘી થઈ છે. ઓફલાઈન




બજારમાં ડીમાર્ટ અને રિલાયન્સ રિટેલ જેવા સુપરમાર્કેટ્સ દ્વારા પ્રતિ ગ્રાહક 2 થી 3 કિલો ખાંડ ખરીદવાની લિમિટ નક્કી કરવામાં આવી છે. મુખ્ય ખાંડ બ્રાન્ડ્સના એક સિનિયર એક્ઝિક્યુટિવના મતે, રિટેલર્સ આ પગલું સંગ્રહખોરી રોકવા અને દરેક ગ્રાહકને સ્ટોક પુરો પાડવા માટે લઈ રહ્યા છે. જથ્થાબંધ બજારમાં પણ ખાંડના ભાવ 45 રૂપિયા પ્રતિ કિલોથી વધીને 60.36 રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે. પીઆઈબીના આંકડા મુજબ, 20 જુલાઈથી 20 ઓગસ્ટની વચ્ચે જ ખાંડના ભાવ 16% સુધી વધી ગયા હતા, જે ઓગસ્ટના છેલ્લા અઠવાડિયા સુધી વધુ તેજ બન્યા. રક્ષાબંધન અને આવનારા ગણેશોત્સવ, નવરાત્રી અને દિવાળી જેવા તહેવારો દરમિયાન મીઠાઈઓ અને ખાંડમાં બનતી વાનગીઓની માંગ ઘણી વધી જાય છે. આવા સમયે ખાંડની કિંમતોમાં પ્રતિ કિલો 17 રૂપિયા કિલો સુધીના વધારાથી સામાન્ય પરિવારોના મહિનાના રાશનના બજેટ પર સીધી અસર થશે.

### સોનું ₹2,860 સસ્તું થઈને ₹1.58 લાખ પર આવ્યું

## રક્ષાબંધન પહેલાં સોના-ચાંદીના ભાવ ઘટ્યા, 1 કિલો ચાંદીની કિંમત ₹2,791 ઓછી થઈ

મુંબઈ

રક્ષાબંધનના એક દિવસ પહેલા એટલે કે આજે 27 ઓગસ્ટે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 2,860 રૂપિયા ઘટીને 1.58 લાખ રૂપિયા થયો છે. જ્યારે એક કિલો ચાંદીનો ભાવ 2,791 રૂપિયા ઘટીને 2.40 લાખ રૂપિયા પર આવી ગયો છે. આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 29 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.58 લાખ રૂપિયા




પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.40 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો. પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

### બેંકોને 99.97% નુકસાન સહન કરવું પડશે

## સુભાષચંદ્રાને NCLT તરફથી મોટી રાહત મળી: ₹22,006 કરોડના દેવા સામે ₹6.5 કરોડ ચૂકવશે

### ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડની કલમ 114 હેઠળ મંજૂરી આપી દીધી છે. આ હેઠળ સુભાષ ચંદ્રાને ₹22,006.57 કરોડના કુલ દેવાના બદલે માત્ર ₹6.5 કરોડનું ચુકવણું કરવું પડશે

નવી દિલ્હી

NCLTએ ઝી ગ્રુપના સ્થાપક સુભાષ ચંદ્રાના પર્સનલ ઈન્સોલ્વન્સી કેસમાં 22 હજાર કરોડના કુલ દેવાને માત્ર 6.5 કરોડમાં પતાવવાની યોજનાને મંજૂરી આપી છે. તેનાથી લોન આપનાર બેંકો અને નાણાકીય સંસ્થાઓને તેમના 99.97% બાકી પૈસાનું નુકસાન સહન કરવું પડશે. ઈન્સોલ્વન્સી ટ્રિબ્યુનલ NCLT એ સુભાષ ચંદ્રાના રીપેમેન્ટ પ્લાનને ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડની કલમ 114 હેઠળ મંજૂરી આપી દીધી છે. આ હેઠળ સુભાષ ચંદ્રાને 22,006.57 કરોડના કુલ દેવાના બદલે માત્ર 6.5 કરોડનું ચુકવણું કરવું પડશે. આ પછી તેમનું બાકીનું આખું 22,000 કરોડથી વધુનું બાકી દેવું કાયદેસર રીતે હંમેશા માટે સમાપ્ત થઈ જશે. આ કેસની શરૂઆત 2022માં થઈ હતી, જ્યારે ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડે



ડૉ. સુભાષ ચંદ્ર વિરુદ્ધ પર્સનલ ગેરંટર તરીકે IBCની કલમ 95 હેઠળ નાદારીની અરજી દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશને કારણે થોડા સમય માટે કાર્યવાહી અટકી રહી હતી, પરંતુ બાદમાં સુપ્રીમ કોર્ટે સ્ટે હટાવ્યા પછી એપ્રિલ 2024માં NCLTએ સુભાષ ચંદ્ર વિરુદ્ધ પર્સનલ ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ સ્વીકારી લીધી હતી. આ પહેલા NCLTની બે સભ્યોની બેન્ચમાં આ મામલે વિભાજિત મત આવ્યો હતો. ત્યારબાદ NCLT ચેરમેને ત્રીજા સભ્ય તરીકે જ્યુડિશિયલ મેમ્બર નીલેશ શર્માની નિમણૂક કરી. નીલેશ શર્માએ બહુમતીના આધારે 144 પાનાના આદેશમાં રીપેમેન્ટ પ્લાનને મંજૂરી આપી. આ રકમ સુભાષચંદ્ર દ્વારા આપવામાં આવેલી 'પર્સનલ ગેરંટી' સાથે સંબંધિત છે. જ્યારે કોઈ કંપની અથવા મૂળ દેવાદારને બેંક લોન આપે છે, ત્યારે ઘણીવાર પ્રમોટર પોતાની વ્યક્તિગત ગેરંટી આપે છે કે જો કંપની ચૂકવણી ન કરી શકે, તો તે તેને ચૂકવશે. એસ્સેલ ગ્રુપની કંપનીઓ દ્વારા લેવાયેલી લોન માટે સુભાષચંદ્રએ પર્સનલ ગેરંટી આપી હતી. કંપનીઓ ડિફોલ્ટ થતાં આ દાવો સુભાષચંદ્ર પર આવ્યો. તેનો અર્થ એ નથી કે તેમણે આ બધા પૈસા વ્યક્તિગત રીતે ઉધાર લીધા હતા.

## સેન્સેક્સ 539 પોઈન્ટ ઘટીને 76,934 પર બંધ

- **નિફ્ટી પણ 117 પોઈન્ટ નીચે 24,091 પર આવ્યો, મેટલ અને મીડિયા શેર્સમાં વધુ વેચવાલી રહી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 27 ઓગસ્ટે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 539 પોઈન્ટના ઘટાડા સાથે 76,934 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 117 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 24,091 પર બંધ થયો. મેટલ, સરકારી બેંક અને મીડિયા શેરોમાં આજે વધુ વેચવાલી જોવા મળી.

લ્યુમિનો ઈન્ડસ્ટ્રીઝનો IPO આજથી ખુલ્યો છે. કંપની આના દ્વારા 700.00 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. રોકાણકારો આ IPOમાં 31 ઓગસ્ટ સુધી બોલી લગાવી શકશે. ESDS સોફ્ટવેર સોલ્યુશન લિમિટેડનો IPO આવતીકાલે એટલે કે 28 ઓગસ્ટે ખુલશે. કંપની આ દ્વારા 720 કરોડ રૂપિયા ભેગા કરવા માંગે છે. કંપનીએ IPO માટે શેરનો પ્રાઈસ બેન્ડ 408 રૂપિયાથી 429 રૂપિયા નક્કી કર્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 34 શેર માટે 14,586 રૂપિયાથી બોલી લગાવી શકશે. આ IPO 1 સપ્ટેમ્બરે બંધ થશે. ગઈકાલે બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. આ પહેલા ગઈકાલે એટલે કે 26 ઓગસ્ટે બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 183 પોઈન્ટઘટીને 77,473 પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટીમાં પણ 127 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 24,208 પર બંધ થયો હતો.

## ગુજરાત વિદ્યાપીઠના 72મા પદવીદાનમાં 900 વિદ્યાર્થીઓને પદવી એનાયત

# 'હું અહીં વાંચવા આવતો, આજે મુખ્ય અતિથિ બન્યો'



**ગૃહમંત્રી અમિત શાહના હસ્તે 11 તેજસ્વી વિદ્યાર્થીઓને વિદ્યાશાખાના 'મંદિર ચંદ્રક' અને વિભાગના 'ધ્વજ ચંદ્રક' તેમજ પ્રમાણપત્ર એનાયત કરાયા હતા**

અમદાવાદ

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત ઐતિહાસિક ગૂજરાત વિદ્યાપીઠનો 72મો પદવીદાન સમારોહ પ્રાણજીવન વિદ્યાર્થી ભવનના પ્રાંગણમાં ભવ્ય રીતે યોજાયો હતો. આ ગૌરવપૂર્ણ દીક્ષાંત સમારોહમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અધ્યક્ષસ્થાનેથી પ્રેરક દીક્ષાંત પ્રવચન આપ્યું હતું. સમારોહ દરમિયાન 7 વિદ્યાશાખાઓના 18 વિભાગોમાંથી ઉત્તીર્ણ થયેલા કુલ 900 વિદ્યાર્થીઓને વિધિવત્ પદવી એનાયત કરવામાં આવી હતી. આ પદવીદાન સમારોહમાં 184 ગ્રેજ્યૂએટ, 400 પોસ્ટ ગ્રેજ્યૂએટ, 232 ગ્રેજ્યૂએટ અભ્યાસક્રમ, 21 પોસ્ટ ગ્રેજ્યૂએટ ડિપ્લોમા તેમજ 63 એમ.ફિલ અને પીએચ.ડી.ના પદવીધારકો મળીને કુલ 900 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાઈ હતી, જેમાં 441 વિદ્યાર્થિનીઓ અને 459 વિદ્યાર્થીઓ સામેલ હતા. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે 11 તેજસ્વી વિદ્યાર્થીઓને વિદ્યાશાખાના 'મંદિર ચંદ્રક' અને વિભાગના 'ધ્વજ ચંદ્રક' તેમજ પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આ ચંદ્રકોની પસંદગી માત્ર પુસ્તકીય જ્ઞાનને આધારે નહીં પરંતુ સંશોધન, સામાજિક સેવા, NSS-NCC, ક્ષેત્રકાર્ય, ખેલકૂદ, નૈતિક આચરણ અને ગાંધીવાદી મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા જેવા સર્વાંગી પાસાંઓને ધ્યાને રાખીને કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, 900 વિદ્યાર્થીઓ માટે જીવનનું અમનોલ ક્ષણ છે પરંતુ, મારા માટે સૌથી વધારે મહત્વનો દિવસ છે. કારણ કે હું અહીંયા જ નિયમિત વાંચન કરવામાં આવતો હતો. ત્યારે ક્યારેય પણ કલ્પના પણ નહતી કરી કે હું અહીંયા મુખ્ય અતિથિ તરીકે આવીશ. તેમજ હું પૂજ્ય બાપુનો પ્રશંસક રહ્યો છે. આખું જીવન હું પણ ખાદી જ પહેરવાનો છું. દેશને સ્વતંત્રતા અપાવવા માટે અનેક નેતાઓએ આ જમીન પર ચિંતન કર્યું છે અને દેશને આઝાદી આપવા માટે રણનીતિ તૈયાર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને એક લક્ષ્ય તય કરવા માટે અપીલ કરું છું. એક વ્યક્તિએ મને કહ્યું હતું કે કામ થશે કે નહીં તે વિચારવું ન જોઈએ, કામ કરવા લાયક છે કે નહીં તે જ વિચારવું જોઈએ. લક્ષ્ય તમારા માટે નહીં દેશ અને સમાજ માટે નક્કી કરજો. મેં પણ મારા ક્યારેય પણ લક્ષ્ય રાખ્યો નથી.

### “ ગાંધીજીએ ધર્માંતરણને પાપ બતાવ્યું હતું : અમિત શાહ

વધુમાં અમિત શાહે જણાવ્યું હતું કે, મારા જીવનમાં ઘણા મહાપુરુષોનો અભ્યાસ કર્યો છે. તેમના સંદેશને પૂરો કરવાનો પ્રયાસ કરી રહ્યો છું. ગાંધીજીનો સંદેશ તે સમયે અને 100 વર્ષ પછી પણ એટલો જ મહત્વનો છે. વિદ્યાર્થીઓને તમે બહાર નીકળશો ત્યારે અનેક પડકારનો સામનો કરવો પડશે. બુનિયાદી તાલીમ તમને અહીંયા આપવામાં આવી છે. મહાત્મા ગાંધીજીએ આખા ભારતનું પરિભ્રમણ કર્યું હતું. શિક્ષાના મતલબ શું છે તે પ્રયોગ શાળા આ જ ગૂજરાત વિદ્યાપીઠ છે. શિક્ષા એવી હોવી જોઈએ જે હાથને કૌશલ આપે અને માનસિક વિવકને પણ અપાવવા માટે જરૂરી છે.

### માતૃભાષા લોકોએ ન ભૂલવી જોઈએ

ગાંધીજીના વિચારને અનુસરવા અને વિકસીત ભારત 2047માં સહભાગી થવા માટે અપીલ કરતા અમિત શાહે જણાવ્યું હતું કે, ખાદી એક વિચાર નથી જેને વધારવા માટે ગાંધીજીએ પ્રયાસ કર્યા છે. 25-26 એક લાખ 27 હજાર કરોડનું ટર્ન ઓવર ખાદીનું થઈ રહ્યું છે. દેશમાં એક પણ ઘર એવું નહીં કે જ્યાં શૌચાલય નથી. કોઈપણ ભાષા શીખવા માટે કોઈ તકલીફ નથી. પરંતુ માતૃભાષા લોકોએ ન ભૂલવી જોઈએ. ગાંધીને જ્યારેય પણ અભ્યાસ કરીશું તો ક્યાંય પણ નવનિર્માણનો ઉપયોગ કર્યો નથી તેમને પુનઃ નિર્માણનો ઉપયોગ કર્યો છે.

## રી-ડેવલપમેન્ટનું કામ ન મળતા બિલ્ડરે મહિલાઓનો પીછો કરી ગાળો આપી: વોટ્સએપ ગ્રુપમાં અશ્લીલ મેસેજ કર્યા

અમદાવાદ

અમદાવાદ શહેરના રાણીપ વિસ્તારમાં આવેલી સોસાયટીમાં એક બિલ્ડરને રી ડેવલોપમેન્ટનું કામ ન મળતા બિલ્ડરે સોસાયટીની મહિલાઓનો પીછો કરી બીભત્સ ગાળો આપી હતી. સોસાયટીનું વોટ્સએપ ગ્રુપ બનાવી તેમાં અશ્લીલ મેસેજ અને કોમેન્ટ કરી હતી. બિલ્ડરના સતત ત્રાસથી કંટાળીને સોસાયટીની મહિલાઓએ રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. શહેરના સુભાષબ્રિજ પાસે આવેલી એક સોસાયટીનું રી ડેવલોપમેન્ટનું કામ અગાઉ શિવાલય ઈન્ફ્રાના તેજસ પટેલને આપવામાં આવ્યું હતું પરંતુ તેજસે સોસાયટીની શરતો ન માનતા કામ આપ્યું નહોતું. તેજસ ઘણા સમયથી સોસાયટીની મહિલાઓ માર્કેટમાં જાય તો તેમની પાછળ પાછળ જતો અને ગાળો બોલતો હતો. 16મેએ તેજસ સોસાયટીમાં ગાડી લઈને આવ્યો



હતો અને બાકડા ઉપર બેઠેલી મહિલાઓને જોઈને બાંકડા સાથે ગાડી અથડાવી હતી.મહિલાઓ ઊભી થઈને ત્યાંથી નીકળી ગઈ હતી ત્યારે તેજસ તેમને ગાળો બોલવા લાગ્યો હતો. મહિલાઓ આવતી જતી હોય ત્યારે મહિલાઓને ગાળો બોલીને હેરાન પરેશાન કરતો હતો. તેજસ સોસાયટીના પ્રશ્નો બાબતે મહિલાઓને ધમકી પણ આપતો હતો.છેલ્લા છ મહિનાથી તેજશે વોટ્સએપમાં ગ્રુપ બનાવી સોસાયટીના સભ્યોને ગ્રુપમાં એડ કર્યા હતા, જેમાં અભદ્ર ભાષામાં કોમેન્ટ કરતા વીડિયો મુકતો હતો.

## કરોડોના ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ: નરોડામાંથી 1.17 કરોડથી વધુના કોકેઇન સાથે 22 વર્ષીય યુવક ઝડપાયો!

**પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે અમદાવાદ ખાતે આ માલ મંગાવનાર મુખ્ય શખ્સ 'રવિ કુમાર' છે, જે હાલ પોલીસ પકડથી દૂર છે**

અમદાવાદ

અમદાવાદ શહેરને નશાના કારોબારમાં ધકેલવાના કાળા કારસા સામે પોલીસે સપાટો બોલાવ્યો છે. નરોડા વિસ્તારમાંથી પોલીસે ગુપ્ત બાતમીના આધારે દરોડો પાડીને ૨૨ વર્ષીય યુવકની કરોડો રૂપિયાના હાઈ-ગ્રેડ કોકેઈન સાથે ધરપકડ કરી છે.

યુવાધનને બરબાદ કરવા લાવવામાં આવેલો ડ્રગ્સનો આ જથ્થો પકડાતા સમગ્ર ક્રાઈમ બ્રાંચ અને પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. રાજસ્થાનથી અમદાવાદ તરફ આવી રહેલા શંકાસ્પદ યુવકને નાના ચિલોડા સર્કલ પાસેથી પોલીસે વોચ ગોઠવીને ઝડપી પાડ્યો હતો. તલાશી દરમિયાન આરોપી પાસેથી મળી આવેલા નશાકારક



પદાર્થની ચકાસણી કરતા તંત્ર પણ ચોંકી ઊઠ્યું હતું.

ઝડપાયેલો આરોપી: નરેશ મેઘારામ સૈન (ઉંમર ૨૨ વર્ષ), મૂળ રહેવાસી: રાજસ્થાન. જપ્ત કરાયેલું કોકેઈન: ૨૩૪.૦૧ ગ્રામ (જેની આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજિત કિંમત રૂ. ૧.૧૭ કરોડથી વધુ). ૨ સ્માર્ટફોન, ભારતીય રોકડ રકમ તેમજ નેપાળી ચલણી નોટો મળીને કુલ રૂ. ૧.૧૭ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં નશાના આ કાળા કારોબારના તાર ઉદયપુર અને અમદાવાદના સ્થાનિક નેટવર્ક સાથે જોડાયેલા હોવાનો વિસ્ફોટક ખુલાસો થયો છે: ઝડપાયેલો ૨૨ વર્ષીય આરોપી નરેશ સૈન પોતે ઉદયપુરમાં અભ્યાસ કરે છે. ઉદયપુરમાંથી અન્ય એક શખ્સે તેને આ કરોડોનું કોકેઈન અમદાવાદ સુધી પહોંચાડવા માટે માત્ર રૂ. ૨૦,૦૦૦ ની ડિલિવરી ફી આપી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે અમદાવાદ ખાતે આ માલ મંગાવનાર મુખ્ય શખ્સ 'રવિ કુમાર' છે, જે હાલ પોલીસ પકડથી દૂર છે. આટલી મોટી માત્રામાં કોકેઈન અમદાવાદ કોના માટે અને કયા નેટવર્ક દ્વારા સપ્લાય થવાનું હતું તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે.

## અમદાવાદમાં દારૂબંધીના ધજાગરા: પોલીસની રેડ માત્ર 'કાગળ પર'

### એ જ જગ્યાએથી દારૂનું વેચાણ ચાલુ રહેતા સ્થાનિકોમાં રોષ!

અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ વિસ્તાર નજીક આવેલા એલિસબ્રિજના ગણેશનગર આવાસમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેણે અમદાવાદ પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને વિદેશી દારૂનો જથ્થો તો પકડ્યો, પરંતુ રેડ બાદ પણ એ જ સ્થળેથી દારૂનો વેપાર ધમધમી રહ્યો હોવાના સનસનાટીભર્યા આક્ષેપો સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહ્યા છે! એલિસબ્રિજ પોલીસે ગણેશનગર આવાસમાં કાર્યવાહી કરીને ગેરકાયદેસર દારૂનો મોટો જથ્થો કબજે કર્યો હતો. રૂ. 21,290ની કિંમતના 179 ક્વાટર (કુલ 32.220 લીટર) ઈંગ્લિશ દારૂનો જથ્થો જપ્ત. સ્થાનિક મહિલા સીતાબેન નારણભાઈ મારવાડી સામે ગુનો દાખલ. દરોડા દરમિયાન આરોપી મહિલા મળી ન આવતા તેને ચોપડે 'વોન્ટેડ' દર્શાવવામાં આવી છે. આ સમગ્ર મામલે સૌથી ચોંકાવનારી બાબત એ છે કે પોલીસ રેડ પાડીને ગઈ તેના થોડા જ સમયમાં એ જ આવાસમાંથી દારૂનું વેચાણ ફરી ધમધમવા લાગ્યું હતું!

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, પોલીસની આ કાર્યવાહી માત્ર કાગળ પરની ચોપડી પૂર્તિ સાબિત થઈ છે. શું બૂટલેગરોને પોલીસનો કોઈ ખોફ જ નથી રહ્યો? કે પછી સ્થાનિક પોલીસના મેળાપીપણામાં આ કાળો કારોબાર ચાલી રહ્યો છે?

આવા અનેક પ્રશ્નો હવે સ્થાનિકોના મોઢે ચર્ચાઈ રહ્યા છે. અમદાવાદ જેવા મેગા સિટીના મધ્યમાં જો વોન્ટેડ આરોપીના ઘર કે અડ્ડા પરથી ખુલ્લેઆમ દારૂ વેચાતો હોય, તો દારૂબંધીના કડક અમલના દાવાઓ માત્ર પોકળ સાબિત થાય છે. 'વોન્ટેડ' આરોપી ખુલ્લેઆમ ધંધો ચલાવે અને પોલીસ હાથ પર હાથ મૂકીને બેસી રહે તે અત્યંત શરમજનક બાબત છે.

### વેપારી સહિત 3 આરોપીની ધરપકડ

## અમદાવાદમાં હાર્ટ-BPની નકલી દવાઓનું રેકેટ ઝડપાયું

### ક્રાઈમ બ્રાન્ચ અને FDCAની કાર્યવાહી; 2700થી વધુ નકલી દવાની સ્ટ્રીપ્સ સપ્લાય

અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને FDCAએ હૃદયરોગ-બ્લડપ્રેશરની નકલી દવાઓનું રેકેટ ઝડપ્યું. લખનઉથી સંચાલિત નેટવર્કના અમદાવાદના એક વેપારી સહિત 3 આરોપીઓની ધરપકડ થઈ છે. ગુજરાત સહિત દેશભરમાં 2700થી વધુ નકલી દવાઓની સ્ટ્રીપ્સ સપ્લાય કરાઈ હતી. વધુ કમિશનની લાલચ આપીને દર્દીઓના જીવ જોખમમાં મુકાતા હતા. પોલીસે મુખ્ય ફેક્ટરી સુધી પહોંચવા અન્ય રાજ્યોમાં તપાસ શરૂ કરી છે. હૃદયરોગ અને હાઈ બ્લડપ્રેશરની બોગસ દવાઓ બજારમાં ઘુસાડવાના આંતરરાજ્ય રેકેટનો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશન (FDCA)ની સંયુક્ત ટીમે પર્દાફાશ કર્યો છે. ઉત્તર પ્રદેશના લખનઉથી




સંચાલિત આ નેટવર્કમાં સામેલ અમદાવાદના એક વેપારી સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન ઘટસ્ફોટ થયો છે કે વધુ કમિશન અને ડિસ્કાઉન્ટની લાલચ આપીને રિટેલર્સ મારફતે દર્દીઓના જીવ જોખમમાં મૂકવામાં આવી રહ્યા હતા. મળતી માહિતી મુજબ, અંકલેશ્વર સ્થિત 'જેબી કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ' દ્વારા ડ્રગ્સ વિભાગને ફરિયાદ કરવામાં આવી હતી કે તેમની હૃદયરોગ અને બીપી માટે વપરાતી જાણીતી દવા 'નિકાર્ડિયા રિટાર્ડ 10 એમજી' (Nicardia Retard 10mg) નું લીલાવતી ફાર્મસી એન્ડ વેલનેસ પ્રાઈવેટ લિમિટેડમાંથી ડુપ્લિકેટ વેચાણ થઈ રહ્યું છે. ફરિયાદના આધારે અધિકારીઓએ ડમી ગ્રાહક મોકલીને દવાનું સેમ્પલ મેળવ્યું હતું. તપાસ દરમિયાન બેચ નંબર મેચ ન થતાં અલગ-અલગ સ્થળે દરોડા પાડીને બોગસ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો અને આ અંગે સિટી ક્રાઈમ બ્રાન્ચમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે ફેબ્રુઆરી 2026થી શરૂ થયેલા આ નેટવર્ક દ્વારા ગુજરાત સહિત દેશના વિવિધ ભાગોમાં આશરે 2700 જેટલી નકલી દવાઓની સ્ટ્રીપ્સ સપ્લાય કરવામાં આવી ચૂકી છે.

## ઈસનપુરના સોની વેપારી સાથે 2.19 કરોડની ઠગાઈ:સોનાના બદલામાં નકલી લગડી પધરાવી આસામના ચાર ઠગ ફરાર

અમદાવાદ

અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં રહેતા અને રતનપોળમાં સોનાના દાગીનાનો વેપાર કરતા વેપારી સાથે આસામના ચાર ગઠિયાઓએ રૂ. 2.19 કરોડની છેતરપિંડી આચરી છે. આરોપીઓએ શરૂઆતમાં નાનો વેપાર કરી વિશ્વાસ જીત્યા બાદ રૂ. 2,19,62,500ની કિંમતના 1624 ગ્રામ સોનાના દાગીનાનો મોટો ઓર્ડર આપ્યો હતો. ગુવાહાટી ખાતે દાગીના મેળવી લીધા બાદ અસલી પેમેન્ટના બદલે માત્ર સોનાનો વરખ ચડાવેલી અન્ય ધાતુની નકલી 9 લગડી પધરાવીને ઠગો ફરાર થઈ ગયા હતા, જે અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ઈસનપુરમાં રહેતા અને રતનપોળના સહજાનંદ માર્કેટમાં 'જૈનમ જ્વેલર્સ' નામે દુકાન ધરાવતા રાકેશભાઈ સોનીનો સંપર્ક આસામના મુનીર, જેબુદ્દીન અને તાલૂ સહિત ચાર વ્યક્તિઓ સાથે થયો હતો. ફેબ્રુઆરી 2026માં આ ગઠિયાઓએ નાનું કામ આપી સમયસર રોકડા ચૂકવી રાકેશભાઈનો વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ એપ્રિલ, 2026માં વોટ્સએપ મારફતે 22 કેરેટના 1624 ગ્રામ સોનાના દાગીનાનો મોટો ઓર્ડર આપ્યો હતો. રાકેશભાઈ તેમના મિત્ર સાથે મળીને રૂ. 2.19 કરોડના દાગીના તૈયાર કરી ડિલિવરી આપવા ગુવાહાટી ગયા હતા. ત્યાં ચારેય આરોપીઓએ દાગીના લઈ લીધા હતા અને રોકડ નાણાં ન હોવાનું કહી બદલામાં 24 કેરેટ સોનાની 166 ગ્રામની 9 લગડીઓ આપી હતી.

## અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ-2026: હવે વધુ સુવ્યવસ્થિત આયોજન!!!

### AMC સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં નિર્ણય; ભેળસેળ સામે કડક કાર્યવાહી અને ફેસ્ટિવલના પ્રોજેક્ટ્સમાં વધુ પારદર્શિતા પર ભાર

અમદાવાદ

શહેરમાં યોજાનારા 'અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ-2026'ને વધુ સુવ્યવસ્થિત અને પારદર્શક બનાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ગયા વર્ષના અનુભવોને ધ્યાનમાં રાખીને આ વખતે ફેસ્ટિવલ અંતર્ગત હાથ ધરાનારા વિવિધ પ્રોજેક્ટ્સને વધુ આયોજનબદ્ધ રીતે અમલમાં મૂકવા પર ભાર મૂકવામાં આવ્યો છે. શોપિંગ ફેસ્ટિવલ દરમિયાન તહેવારોની ખરીદી વધતી હોવાથી ખાદ્ય ચીજવસ્તુઓની ગુણવત્તા અને શુદ્ધતા પણ મહત્વનો મુદ્દો બની રહે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગ્રાહકો માટે ખાસ ફૂડ ટેસ્ટિંગની સુવિધા ઊભી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તહેવારો દરમિયાન નાગરિકો મીઠાઈ અથવા અન્ય ખાદ્ય સામગ્રી ખરીદ્યા બાદ તેની ગુણવત્તા અંગે શંકા હોય તો સ્થળ પર જ ટેસ્ટિંગ કરાવી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. હાલમાં સામાન્ય રીતે AMCની હેલ્થ ટીમ દ્વારા ખાદ્ય ચીજવસ્તુઓના



નમૂના લઈને ચકાસણી કરવામાં આવે છે. નવી વ્યવસ્થાનો મુખ્ય હેતુ ગ્રાહકોને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અંગે વધુ વિશ્વાસ આપવાનો અને ભેળસેળ સામે અસરકારક કાર્યવાહી કરવાનો છે. તહેવારોની સિઝનમાં મીઠાઈ અને અન્ય ખાદ્ય સામગ્રીની માંગમાં વધારો થાય છે. આવી સ્થિતિમાં ભેળસેળયુક્ત અથવા હલકી ગુણવત્તાની વસ્તુઓનું વેચાણ ન થાય તે માટે AMC દ્વારા ખાસ ધ્યાન આપવામાં આવશે. ગ્રાહકોની સીધી ભાગીદારીથી ખાદ્ય ચીજવસ્તુઓની ગુણવત્તા અંગે જાગૃતિ પણ વધશે. AMC સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશભાઈ પટેલે જણાવ્યું કે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ-2026 હેઠળ હાથ ધરાનારા તમામ આયોજન અને પ્રોજેક્ટ્સ પહેલાં AMCના મુખ્ય પદાધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવશે. પદાધિકારીઓની સમીક્ષા બાદ જરૂરી સુધારા અને સૂચનો કરવામાં આવશે અને ત્યારબાદ જ પ્રોજેક્ટ્સને આખરી મંજૂરી આપી અમલમાં મૂકવામાં આવશે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI